પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૯/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૨૩

**સુવિચાર**

સ્વાઘ્યાય કરવાથી મનુષ્યનું જીવન શાંતિમય, ગુણમય, જ્ઞાનમય અને પુણ્યમય કે આનંદમય બને છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## આંત્તરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, મહિલા ગૃપ, મહિલા ઓજસ્વી ગૃપ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવની થશે ઉજવણી

# અમરેલીમાં જન્માષ્ટમી પ્રસંગે ભવ્ય શોભાયાત્રાનું આયોજન

**શોભાયાત્રા સરદાર ચોક, હીરામોતી ચોક, રાજકમલ ચોક, ટાવર બજાર, નાગનાથ મંદિર થઈ ફોરવર્ડ સર્કલે સમાપન થશે**

**આજે સિનિયર સિટીઝન પાર્ક ફોરવર્ડ સર્કલ ખાતે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ફલોટનું થશે ઉદ્દ્ઘાટન**

**મહાઆરતી, રાસ ગરબા, ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણ ભગવાનની ધૂન મંડળનું આયોજન**

**જન્માષ્ટમીની શોભાયાત્રામાં ૫૦ ફલોટ સાથે ધાર્મિક સંસ્થાઓ જોડાશે**

અમરેલી, તા. ૪

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ મહિલા ગૃપ તેમજ મહિલા ઓજસ્વી ગૃપ દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવાની તડામાર તૈયારી ચાલી રહી છે ત્યારે આવતીકાલ તારીખ ૫ ને મંગળવારના રોજ શ્રીકૃષ્ણ જન્મોત્સવ ફલોટ સિનિયર સિટીઝન પાર્ક ફોરવર્ડ સર્કલ અમરેલી ખાતે સવારે ૧૦ કલાકે ઉદ્દ્ઘાટન કરવામાં આવશે. જેમાં સંતો, મહંતો અને સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ અને શહેરનાં અગ્રણીઓ તેમજ આંતરરાષ્ટ્રીય ટીમના તમામ આયામોના પદાધિકારીઓ અને કાર્યકર્તા ભાઈઓ ઉપસ્થિત રહેશે.

ત્યારબાદ સાંજના સાત કલાકે મહાઆરતી જેમાં શહેરનું વેપારી મંડળ અને બાર એસોસિએશન વકીલ મંડળ દ્વારા આ મહાઆરતી કરવામાં આવશે. ત્યાર બાદ રાત્રે ૯:૦૦ કલાકે શહેરમાં ચાલતા હિન્દુ સાપ્તાહિક હનુમાન ચાલીસા કેન્દ્ર અને શહેરના દરેક ધૂન મંડળો દ્વારા ભગવાન શ્રી રામ અને શ્રીકૃષ્ણ ભગવાનની ધૂન મંડળનું આયોજન કરવામાં આવેલું છે.

આગામી તા. ૬ ને બુધવારનાં રોજ સાંજે સાત કલાકે મહાઆરતી જેમાં શહેરની વિવિધ સંસ્થાઓનાં આગેવાનોના વરદ્ હસ્તે રાખેલ છે અને રાત્રે ૯ થી ૧૧ કલાક સુધી રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલો છે. તારીખ ૭ ને ગુરૂવાર જન્માષ્ટમીનાં દિવસે સવારે આઠ કલાકે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરેલું છે આ શોભાયાત્રામાં શહેરની દરેક ધાર્મિક સંસ્થાઓ અને હિન્દુ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### બાબરા નજીક આવેલ

## ઉંટવડ ગામે રહેતી યુવતીએ ભાઈ સાથે બોલાચાલી થતાં ગળાફાંસો ખાઈ લીધો

**મેળામાં જવા બાબતે ભાઈ-બહેન વચ્ચે થઈ હતી બોલાચાલી**

અમરેલી, તા. ૪

બાબરા તાલુકાનાં ઉંટવડ ગામે રહેતા પ્રવિણભાઈ ગોવિંદભાઈ પરમાર નામના ૪૪ વર્ષિય આધેડ અને દીકરા કેવલને ઘેલા સોમનાથ મેળામાં જવાનું નકકી કરતા હોય. જેથી દીકરી મિતલબેને મેળામાં જવાની ના પાડતા કેવલ અને મિતલ વચ્ચે સામાન્ય બોલાચાલછ થયેલ. તે વાતનું મનદુઃખ રાખી મિતલબેન પ્રવિણભાઈ પરમાર નામની ૨૪ વર્ષિય યુવતીએ તા. ૨ નાં રોજ ઉંટવડ ગામે પોતાના ઘરે પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### મોટી કુંકાવાવ ગામે

## વાડીમાં કામ કરતાં ખેડૂતને ઝેરી જનાવરે દંશ મારતા સારવાર દરમિયાન મોત

**પ્રથમ અમરેલી વધુ સારવાર માટે ગોંડલ ખસેડાયા હતા**

અમરેલી, તા. ૪

મોટી કુંકાવાવ ગામે રહેતા અને ખેતીકામ કરતાં વિજયભાઈ વલ્લભભાઈ લીંબડીયા નામનાં ૩૧ વર્ષિય ખેડૂત ગત તા. ૧૫ નાં રોજ પોતાની વાડીમાં ખેતીકામ કરતાં હતા. ત્યારે વાડીમાં કોઈ ઝેરી જનાવરે દંશ મારતા પ્રથમ અમરેલી અને વધુ સારવાર માટે ગોંડલ ખાનગી દવાખાને ખસેડાયેલ જયાં તેમનું તા. ૩૦નાં રોજ સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

### ધારી નજીક આવેલ

## માણાવાવ ગામની સાંથણીની જમીનનાં ૭-૧૨, ૮-અની માંગણી સંદર્ભે ઉપવાસ આંદોલનની ચીમકી

**સને ૧૯૭૩માં તેમને જમીનનો કબ્જો સોંપાયો હતો છતાં દાખલા નથી મળતાં**

અમરેલી, તા. ૪

ધારી તાલુકાનાં વિરપુર ગામનાં વતની સ્વ. કરશનભાઈ રાણાભાઈ દાફડાનાં વારસદાર ગોવિંદભાઈ કરશનભાઈ દાફડાએ ધારી નાયબ કલેકટરને આજે એક પત્ર પાઠવી પોતાના પિતાને ગત તા. ૨૯/૩/૧૯૭૩થી ધારી તાલુકાનાં માણાવાવ ગામે સરકારી પડતર જમીન સાંથણીથી જે-તે સમયે મામલતદાર ધ્વારા પ્રત્યક્ષ કબ્જો સોંપવામાં આવેલ છે.

પરંતુ આ જમીનનાં ૭-૧૨ તથા ૮-અ નાં દાખલા કાઢવા માટે કેટલાંક અધિકારીઓ મોટી રકમ માંગતો હોય. જેથી તેઓ આગામી તા. ૨/૧૦ સુધીમાં જો તેમને ૭-૧૨ અને ૮-અ નાં દાખલા નહી આપવામાં આવે તો ગોવિંદભાઈ કરશનભાઈ દાફડા ગાંધી ચિંધ્યા માર્ગે નાયબ કલેકર કચેરી-ધારી સામે આમરણાંત ઉપવાસ ઉપર બેસશે તેમ જણાવ્યું છે.

### ભાજપનાં આગેવાનોનાં માર્ગદર્શન નીચે

## ભાજપ શાસિત અમરેલી નગરપાલીકામાં અઢી વર્ષમાં વણથંભી વિકાસ યાત્રા યોજાઈ

**વૃક્ષારોપણ, રોડ રસ્તાઓ, ડીવાઈડર, બ્યુટીફિકેશન, સ્ટ્રીટલાઈટ, પાણીની પાઈપલાઈન જેવા કામો કરાયા**

અમરેલી, તા. ૪

ભાજપ શાસિત અમરેલી નગરપાલિકામાં અઢી વર્ષનાં શાસન ધ્વારા કરાયેલ લોકો ઉપયોગી કામ અંગેની માહિતી આપવા માટે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન અમરેલી નગર પાલિકા ખાતે કરવામાં આવેલ હતું. જેમાં નગર પાલિકા પ્રમુખ, મનીષાબેન રામાણી, ઉપપ્રમુખ રમાબેન મહેતા તથા કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા ઉપસ્થિત રહયા હતાં .

તેઓએ જણાવ્યું હતું કે,




અઢી વર્ષમાં વણથંભી વિકાસયાત્રામાં વૃક્ષારોપણ, રોડ-રસ્તાઓ, ડિવાઈડર, બ્યુટીફિકેશન, સ્ટ્રીટ લાઈટ, પાઈપલાઈન, સીવીક સેન્ટર, અંગ્રેજી સ્કૂલ, લેબોરેટરી સહિતની રૂા. ૪૦ કરોડનાં વિકાસની હરણફાળ ભરેલ છે.

તેમજ આગામી અઢી વર્ષમાં પણ શહેરીજનોની સુખાકારીને ધ્યાને લઈ વિકાસકાર્યો કરવામાંઅ ાવશે.

અમરેલી નગરપાલિકામાં ભાજપે સત્તાનાં સુત્રો સંભાળ્યાનાં અઢી વર્ષના શાસનમાં પ્રમુખ શ્રીમતિ મનિષાબેન રામાણી, ઉપપ્રમુખ રમાબેન મહેતા, કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, દંડક ચિરાગ ચાવડા તેમજ સદસ્યોની ઉપસ્થિતિમાં પાલિકા કચેરીમાં પોતાના અઢી વર્ષનાં શાસનનાં લેખા-જોખામાં જણાવવામાં આવેલ હતું કે શહેરીજનોની સુખાકારી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## બાબરામાં શ્રી નીલકંઠ મહાદેવને પવિત્ર શ્રાવણ માસનાં સોમવારે અમરનાથ બાબાનો શણગાર કરાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરામાં પંચકુંડે સ્વયંભુ બિરાજતા શ્રી નીલકંઠ મહાદેવ મંદિરમાને પવિત્ર શ્રાવણ માસમાં સવારથી ભારે ભીડ જામે છે અહીં હરહર મહાદેવનો નાદ ગૂંજી ઉઠે છે. અહીં મંદિરના મહંત પૂજય ભાવેસગીર બાપુ દ્વારા નિત્ય શણગારકરવામાં આવે છે સોમવારે શ્રી નીલકંઠ મહાદેવ ને અમરનાથનો દિવ્ય અને અનુપમ શણગાર કરવામાં આવતા ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.









## આગામી તા. ૯–૧૦–૧૧ સપ્ટેમ્બરનાં રોજ

# અમરેલીમાં શ્રી દક્ષેશ્વર મહાદેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**ગાયત્રી શકિતપીઠ ખાતે નવનિર્મિત મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે**

**૨૪ કૂંડી ગાયત્રી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવશે**

**સંતો–મહંતો, રાજકીય આગેવાનો રહેશે ઉપસ્થિત**

**કાર્યક્રમને આખરી ઓપ અપાય રહ્યો છે : તડામાર તૈયારી**

અમરેલી, તા. ૪

અમરેલીનાં ગાયત્રી શકિતપીઠ ખાતે આગામી તારીખ ૯,૧૦,૧૧ નાં રોજ નૂતન દક્ષેશ્વર મહાદેવ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન. આ કાર્યક્રમ પરમ પૂ. ગુરૂદેવ તથા વંદનિય માતાજીનાં સુક્ષ્મ સ્વરૂપની ઉપસ્થિતિમાં તેમજ શ્રધ્ધેય જીજી તથા ડો. પ્રણવ પંડયાજીનાં આશિર્વાદથી થયેલ છે. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં તારીખ ૯ ને શનિવારે



સવારે ૯:૦૦ કલાકે ભવ્ય નગરયાત્રા, કળશયાત્રા તથા પૂજન ત્યારબાદ દેવોને ધાન્યાધીવાસ આરતી બાદ રાત્રીનાં સુંદર રાસ–ગરબાનું આયોજન, પછીનાં દિવસે રવિવારે તારીખ ૧૦ નાં રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી ૨૪ કુંડીય યજ્ઞ તથા દેવોને પુષ્પાધીવાસ તથા રાત્રીનાં દીપયજ્ઞ તથા તારીખ ૧૧, સોમવારનાં રોજ ભગવાન સદાશીવ દક્ષેશ્વર મહાદેવ, પાર્વતીજી, ગણેશજી, હનુમાનજી વિગેરે દેવોની પ્રાણપ્રતિષ્ઠા તથા ઉદ્‌બોધન, ધ્વજારોહણ, આરતી સવારે ૮:૦૦ વાગ્યાથી આયોજીત થશે. આ કાર્યક્રમમાં ભારતી આશ્રમ–જૂનાગઢથી પૂ. હરિહરાનંદ ભારતીજી મહારાજ, બગદાણા આશ્રમથી પૂ. મનજીબાપા, ચિતલથી સ્વા. ગુરૂકુળ શાસ્ત્રી સ્વામી હરિચરણદાસજી, ચલાલાથી દાનેવધામ પૂ. વલકુબાપુ તથા બીએપીએસ મંદિર અમરેલીથી કોઠારી સ્વામી સાધુચરણ સ્વામી, સ્વામીનારાયણ મંદિર–પાણી દરવાજાથી કોઠારી સ્વામી શાસ્ત્રી સ્વામી ભકિતસંભવદાસજી સહિતનાં સંતોનાં આશીર્વચન, ઉપરાંત આ આયોજનમાં વિશેષ ઉપસ્થિતિ હરિદ્વારનાં શાંતિકુંજથી વા.ચાન્સેલર દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયથી આદરણીય ડો. ચિન્મય પંડયાડનાં વરદ્ હસ્તે પ્રતિષ્ઠા તેમજ રાસ્વી મહાનુભાવો પરશોતમભાઈ રૂપાલા, દિલીપભાઈ સંઘાણી, કુબેરભાઈ ડીંડોર, કુંવરજીભાઈ બાવળીયા, કૌશિકભાઈ વેકરિયા, મહેશભાઈ જીવાણી, નારણભાઈ કાછડીયા, પ્રશાંતભાઈ કોરાટ, ડો. એન. ગોલ ઉપસ્થિત રહેશે. તો આ કાર્યક્રમમાં ઉપરોકત અતિથિ વિશેષમાં ધારાસભ્યો તેમજ અશ્વિનભાઈ સાવલીયા, જેન્તીભાઈ પાનસુરીયા તેમજ આમંત્રીત મહેમાનોમાં રાશેભાઈ કાબરીયા, રેખાબેન મોવલીયા, ભાવનગરથી અભયસિંહ ચૌહાણ, મુકેશભાઈ સંઘાણી, મનિષાબેન રામાણી, સુરેશભાઈ શેખવા, સુરેશભાઈ પાથર, જી.એમ. સોલંકી, પ્રશાંતભાઈ મહેતા, સૌરભભાઈ મકવાણા ઉપસ્થિત રહેશે.

આ આયોજનમાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી બાબુભાઈ રાજયગુરૂ, મનિષભાઈ સંઘાણી, હિરેનભાઈ ચાવડા, નાનજીભાઈ પાથર, હંસરાજભાઈ સાકરીયા, ધીરૂભાઈ દેસાઈ, નિમિષાબેન વાઢેર, કમલેશભાઈ મહેતા દરેક ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવીને સફળ આયોજન કરેલ હોય, આ કાર્યક્રમમાં પધારવા પ્રદેશ કારોબારી સદસ્ય આઈ.ટી. સેલનાં હિરેનભાઈ ચાવડા તથા દક્ષાબેન ચાવડા, કિર્તીબેન ત્રિવેદી તથા વિમલભાઈ વાઢેરે દરેક ધર્મપ્રેમી લોકોને ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લેવા અનુરોધ કરેલ છે.

---

### સાવરકુંડલા પાલિકા દ્વારા

## મહુવા રોડ ઉપર બે કિ.મી. સુધીનાં વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનાં અજવાળા કર્યા

**અંધારા દૂર થતાં લોકોને મુશ્કેલીમાં મળશે રાહત**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલામાં મામલતદાર ઓફિસથી મહુવા રોડ ગેઈટ સુધી નવી એલઈડી સ્ટ્રીટલાઈટો લગાવવામાં આવી હતી. ધારાસભ્ય મહેશ કસવાલાનાં હસ્તે લોકાર્પણ કરાયું હતું. જેમાં સાવરકુંડલામાં મામલતદાર ઓફિસથી મહુવા ગેઈટ સુધી બે કિલોમીટરનાં મુખ્ય માર્ગો પર નવી એલઈડી સ્ટ્રીટ લાઈટો નખાઈ હતી ને રોશનીથી જગમગાટ થઈ ગયો હતો ને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા નવી એલઈડી સ્ટ્રીટ લાઈટોનું લોકાર્પણ કરાયું હતું. શહેરનાં પ્રવેશદ્વાર પરથી શહેરની મધ્ય સુધી નવી એલઈડી લાઈટોથી માર્ગ ઝળહળી ઉઠયાં હતા. મુખ્ય રસ્તા પર તંત્રએ સ્ટ્રીટ લાઈટો લગાડતા લોકોમાં ખુશીનો માહોલ છવાયો હતો. અહીં અંધારપટ્ટ દૂર થયો હતો. સ્ટ્રીટ લાઈટનાં અભાવે લોકોને મુશ્કેલી વેઠવી પડતી હતી. જેથી હવે રાહદારીઓએ રાહત અનુભવી છે.

---

### સાવરકુંડલા ગામે

## મુખ્ય બજાર તથા શાકમાર્કેટની ઓચિંતી મુલાકાત લેતા ધારાસભ્ય મહેશ કસવાલા

**ચીફ ઓફિસરને જરૂરી સુચનાઓ પણ આપી**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેર નંદનવન બને ને વિકાસના કામોમાં કયાંય કચાશ ના રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાનું કાર્ય પણ ધારાસભ્ય મહેશ કસવાલા અચૂક કરતા આવ્યા છે. આજે અચાનક જ સાવરકુંડલાનાં મેઈન બજાર અને નદીમાં બેસતા શાકભાજી માર્કેટની મુલાકાત લઈને પાલિકાનાં અધિકારીઓને બોલાવીને જરૂરી સૂચનાઓ આપી હતી. મેઈન બજારમાં આવેલા શાહી વાળા ખાંચામાં બનાવવામાં આવેલ મહિલા શૌચાલયમાં જરૂરી સગવડતાઓના અભાવ વાળી બની હોવાની ફરીયાદો ધ્યાને આવતા ધારાસભ્ય કસવાલા શાહી વાળા ખાંચામાં પહોચ્યા હતા ને મહિલાઓને જવા આવવાના ક્ષોભ અનુભવે તેવી સ્થિતિ વચ્ચે જરૂરી સુવિધાઓ બહારગામથી આવતી મહિલાઓને મળી રહે તે માટે પાલિકાના ચીફ ઓફિસર અને પાલિકાના એન્જિનિયરને રૂબરૂ સ્થળ પર બોલાવીને રીતસર ખખડાવી નાખ્યા હતા ને મહિલાઓ માટે શહેરની નાવલી નદી, રિદ્ધિ સિદ્ધિ ખાતે અને નવા બસ સ્ટેન્ડ નજીક જાહેર જાજરૂ બને ને સુવિધા યુકત બની રહે તે માટે ત્વરિત સૂચનાઓ આપવામાં આવેલ હતી. જયારે શાકમાર્કેટ પર બે ગામને જોડતા બનેલા બ્રિજની રેલીંગ ના હોવાને કારણે ગાયમાતા અને મુસાફરોને મહિલાઓ ઘણીવાર અકસ્માતે પડી જવાની ઘટનાઓ ઘટતી હોય તે અંગે ત્વરિત નિવારણ લાવવા પાલિકાના અધિકારીઓને સૂચનાઓ ધારાસભ્ય કસવાલા દ્વારા આપવામાં આવેલ હતી. ત્યારે શહેરીજનોની સુવિધાઓ વધે તેવા પ્રયાસો ધારાસભ્ય મહેશ કસવાલાએ કર્યા હતા.

---

### બાબરા નજીક આવેલ ધરાઈ ખાતે

## બાલમુકુંદજી હવેલીમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીની તડામાર તૈયારી : મુખ્યાજી

**મુખ્યાજી દ્વારા વૈષ્ણવને ઉપસ્થિત રહેવા જણાવાયું**

બાબરા, તા.૪

ધરાઈ શ્રી બાલમુકુંદજી હવેલી ખાતે કૃષ્ણ જન્મોત્સવની તૈયારી પુર્ણ થઈ ગઈ હોય, અને વૈષ્ણવોને આ જન્મોત્સવ પ્રસંગે દર્શન અને મનોરથ પ્રસંગે દર્શન અને પ્રસાદનો લાભ લેવા પધારવા ધરાઈ શ્રી બાલમુકુન્દ હવેલી ટ્રસ્ટ તરફથી આમંત્રણ આપવામાં આવે છે.

આ પ્રસંગે ટ્રસ્ટનાં પ્રમુખ મુખ્યાજી ધર્મેન્દ્રભાઈ જણાવ્યું હતું કે તા.૭/૯/૨૦૨૩ ના રોજ વહેલી સવારે ૪ વાગે છાના જન્મનાં દર્શન, સવારે ૧૦ વાગે શ્રીંગાર ૧૨ વાગે પલના, ૨ વાગે રાજભોગ, ૫ થી ૭ ઉત્થાપન તેમજ રાતે ૧૧ વાગે મંગળા અને ૧૨ વાગ્યાનાં જન્મનાં દર્શન અને ૧૨.૩૦ ના પલના દર્શન થશે.

આ ઉપરાંત દહી હાંડી, ગોપાલ લીલા અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે તો સર્વ ધર્મ પ્રેમી જનતાને આનો લાભ લેવા ટ્રસ્ટ તેમજ હવેલી તરફથી અનુરોધ કરવામાં આવે છે.

---

### ભારત ચંદ્ર ઉપર પહોંચી ગયું

## દામનગરનું તંત્ર શહેરમાં ખાડા બુરવામાં પણ પહોંચી શકતું નથી



દામનગર, તા. ૪

ચંદ્રયાન–૩ ચંદ્ર ઉપર પહોંચી ગયું,પણ દામનગરનું તંત્ર ખાડાઓ બૂરવા નથી પહોંચી શકતું,.!! આતે કેવો અધૂરો વિકાસ..!!! સમગ્ર ભારત દેશમાં 'ઈસરો' સંસ્થાની કામગીરીની વાહવાહી થઈ રહી છે.

ચંદ્ર ઉપર ચંદ્રયાન–૩ મોકલીને દેશની ટેક્નોલોજી અને શાનમાં અદ્‌ભૂત વધારો કર્યો છે. અને દેશ–દુનિયામાંથી ઈસરોના વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. જયારે ગુજરાતનાં અમરેલી જિલ્લાનાં દામનગર શહેરમાં ખાડાઓની ભરમાર એટલી બધી છે કે વિકાસ માટે પડેલા આ ખાડાઓનો ઉલ્લેખ કરવો જોઈએ.

ચંદ્રયાન–૩, ચંદ્ર ઉપર પહોંચાડી શકાતું હોય તો સ્થાનિક તંત્ર પડેલા ખાડા બૂરવા પહોંચી શકતું નથી..!! ચૂંટાયેલ પ્રતિનિધિઓ આ ખાડાઓ બૂરવા માટે રસ લઈને વાહન ચાલકો અને રાહદારીઓને પડતી હાલાકી દૂર કરે તે જરૂરી બન્યું છે.

---

## ગોઢાવદર પ્રાથમિક શાળા ફરી એક વખત વિજેતા જાહેર થયું

**આગામી દિવસોમાં રાજયકક્ષાએ ભાગ લેશે**



અમરેલી, તા. ૪

ગત તા.૩૧–૦૮–૨૩ ના રોજ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અને ડી.એસ.ટી. ગુજરાત દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનાર તથા રૂરલ આઈટી કિવઝનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શ્રી ગોઢાવદર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની રામાણી મેઘના મુકેશભાઈ ધોરણ –૮ તથા બેલડીયા નૈમેશ મનીષભાઈ ધોરણ–૮ આ બંને વિદ્યાર્થીઓએરૂરલ આઈ.ટી. કિવઝમાં તેમના સાયન્સ ટીચર ધવલભાઈ જોષીના માર્ગદર્શન નીચે તૈયાર થઈ ભાગ લઈ ઉચ્ચ ગુણાંકન સાથે નંબર મેળવી ગોઢાવદર પ્રાથમિક શાળાનું ગૌરવ વધારેલ છે. આ બંને વિદ્યાર્થીઓ હવે પછી રાજય કક્ષાએ ગોઢાવદર પ્રાથમિક શાળા–ગોઢાવદરનું પ્રતિનિધિત્વ કરશે.

આ તકે શાળાનાં આચાર્ય વર્ષાબેન જોષી, શાળા સ્ટાફ, એસ.એમ.સી, માજી આચાર્ય કરમશીભાઈ ભુવા, ગોકળભાઈ હિરપરા, વિજયભાઈ ગજેરા, વિપુલભાઈ જોષી, સંજયભાઈ ગજેરા, લાલજીભાઈ ગજેરા (હાલ અમેરિકા), હિંમતભાઈ હરજીભાઈ ગજેરા, ભરતભાઈ વિંઝુડા તથા ગોઢાવદર ગ્રામ પરિવાર સુરત–ગોઢાવદર વગેરેએ તેમના માર્ગદર્શક શિક્ષક ધવલભાઈ જે.જોષી તથા બંને વિદ્યાર્થીઓને રાજયકક્ષાએ પણ આવી સિદ્ધિ હાંસલ કરો અને ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છા પાઠવેલ હતી.

---

### સાવરકુંડલા ગામે

## જુના ગાધકડા રોડ ઉપર જાહેરમાં જુગાર રમતા ૧૧ શખ્સો રંગેહાથ ઝડપાયા

**રોકડ રમ રૂા. ૩૭૨૮૦ની મત્તા કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૪

સાવરકુંડલા ગામે રહેતા કૌશિકભાઈ નવનીતભાઈ અધ્વર્યુ સહિત ૧૧ ઈસમો તા. ૩ નાં રોજ રાત્રે સાવરકુંડલા ગામે આવેલ જુના ગાધકડા રોડ ઉપર ઈંટોનાં ભઠ્ઠા પાસે જાહેરમાં તીનપતીનો જુગાર રમતાં હોવાની બાતમી સાવરકુંડલા ટાઉન પોલીસને મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૩૭૨૮૦ની મતા સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

### કુંકાવાવ ખાતે ગૌરક્ષનાથ આશ્રમનાં સેવકો દ્વારા

## ધર્મ અને સંપ્રદાયને લગતી ટીપ્પણી સામે પગલા લેવા કરી માંગ

**સ્વામીનારાયણ સંપ્રદાયનાં બ્રહ્માસ્વરૂપદાસ સ્વામીની વાણીની કરી નીંદા**



તસ્વીર : પંકજ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૪

કુંકાવાવ પાસે આવેલા મેઘ,રનાં ટીમ્બી નામે ઓળખાતી સૂર્યમુખી હનુમાનજીની જગ્યાનાં મહંત યોગી શેષનાથજી ગુરૂ પીર શેરનાથજીનાં સેવકો ધ્વારા કુંકાવાવ પોલીસમાં લેખીત રજૂઆત કરીને જણાવેલ છે કે, સ્વામીનારાયણ સંપ્રદાયના વડતાલ સ્થિત મંદિરના સ્વામી બ્રહ્માસ્વરૂપદાસ સ્વામી છે. જે યુટયુબમાં નીત કથા નામની એક કથા નામે પ્રોગ્રામ ચલાવે છે તેમાં ધાર્મિક રીતે ભ્રમ ફેલાવે છે. જેમાં હજારો લોકોનું આસ્થનું કેન્દ્ર એવા ચાલ, સતાધાર, સોનગઢ, જુનાગઢ જેવા ધાર્મિક ગુરૂ ગાદી એવા ગેબીનાથબાપુ વિશે ખૂબ ખરાબ ટીપ્પણી કરેલ છે. તેમજ ગૌરક્ષ આશ્રમનાં તેમજસંપ્રદાયનાં ઈષ્ટદેવ અને ગુરૂઓ વિશે ખરાબ ટીપ્પણીઓ કરેલ છે અને શ્રધ્ધાળુની લાગણીને ઠેસ પહોંચાડીને ધાર્મિક લાગણી દુભાવી છે. તે પોતાના સંપ્રદાયને મહાન અને બીજા સનાતમ સંપ્રદાયોને નીચા દેખાડવાનો હિન પ્રયાસ કરવામાં આવ્યો છે. તો આવા નિવેદનો આપતા સંતો સામે કાયદાકીય પગલા લેવા અને લોકોમાં ધાર્મિક વયમાનસ ના ફેલાય તે માટે જરૂરી પગલા ભરવા માટેની માંગ કરવામાં આવે છે. ત્યારે આ પ્રસંગે કુંકાવાવમાં જુનાગઢ ગૌરક્ષનાથ આશ્રમની નીચે આવેલી બે સંસ્થાનાં સેવકો અને મહંતો ધ્વારા પોલીસને લેખીત રજૂઆત કરવામાં આવી છે.

---

### ઉનાના કંસારી ગામે આવેલ ભીડભંજન મહાદેવ મંદિરે

## શ્રાવણ માસનાં ત્રીજા સોમવારે સવા લાખ બિલ્વ પત્ર અર્પણ

**સમસ્ત ગ્રામજનો દ્વારા પુજા કરાઈ મહાપ્રસાદનું આયોજન**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૪

શ્રાવણ માસનાં ત્રીજા સોમવારનાં દિવસે ઉનાનાં કંસારી ગામે આવેલ ભીડભંજન મહાદેવ મંદિર ખાતે સમગ્ર ગ્રામજનો દ્વારા સંપુર્ણ પણે કામ ધંધા બંધ રાખી સવા લાખ બિલ્વ પત્ર અર્પણ કરી પુજા અર્ચના કરવામાં આવી હતી. અને શ્રી ચામુંડા માતાજી મંદિરનાં ગ્રાઉન્ડ ખાતે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમસ્ત કંસારી ગ્રામજનો આગેવાનો રાજકીય આગેવાનો સહિતનાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. અને પુજા અર્ચનાા કરી ભીડભંજન મહાદેવનાં આશીર્વાદ મેળવ્યા હતા.

## બાબરા તાલુકાનાં રાણપુર ગામનાં ખેડૂત

# રઘુભાઈ વાળાએ બાબરા પોલીસ વિરૂધ્ધ રજૂઆત કરી

### બાબરા પોલીસે તપાસમાં ગંભીર પ્રકારની બેદરકારી દાખવવાનો આક્ષેપ કરાયો

### હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવા છતાં હળવી કલમ લગાડવામાં આવી

### આરોપી માથાભારે હોય અગાઉ પણ ગુન્હામાં સંડોવાયેલ હોવાનું જણાવ્યું

### આરોપી સાથે મળી મીનીમાઈઝ કરવાનો પણ કરાયો આક્ષેપ

અમરેલી, તા. ૪

બાબરા તાલુકાનાં રઘુભાઈ હમીરભાઈ વાળાએ અમરેલીનાં જિલ્લા પોલીસ વડાને એક અરજી આપી જણાવ્યું છે કે, અમો અરજદાર હાલમાં જીવણ મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યાં છીએ. અમોએ બાબરા પોલીસ સ્ટેશન ખાતે ગઈ તા. ૧/૯/૨૩નાં રોજ એક લેખીત ફરિયાદ આપેલી હતી જે ફરિયાદની નકલ આ સાથે જોડું છું.

અમારી જમીન અમારા ગામમાં આવેલ હોય અને અમારી વાડી–ખેતરની બાજુમાં હેમ ઉર્જા સોલાર કંપનીનો પ્લાન્ટ આવેલ છે અને અમારી જમીનમાં જવા માટે અમારા કાકા અનકભાઈ મોમૈયાભાઈ વાળાએ રસ્તા માટે ૬ મીટર જમીન હરેશભાઈ વસોયાના શેઢા તરફ આપેલ હતી. અને આ હેમ ઉર્જા સોલાર કંપનીનો સીકયુરીટીનો કોન્ટ્રાકટ ચાવંડ ગામના રાકેશભાઈ સોરઠીયા, લગધીરભાઈ તથા મયુરભાઈ આહીરનાઓ પાસે છે.

આ અમારી જમીન અમારી પોતાની માલીકીની છે અને આ હેમ ઉર્જા સોલારમાં જવા માટે અલગથી રસ્તો ઉપરોકત વિગતે આપવામાં આવેલ છે. તેમ છતાં પણ આ હેમ ઉર્જા કંપનીના માણસો તેમજ આ સીકયુરીટી કોન્ટ્રકટરો બળજબરીથી અપપ્રવેશ કરી અમારી જમીનમાં ચાલે છે અને તેના વાહનો ચલાવે છે. જેથી અમારા પાકને નુકસાન થાય છે. જેથી અમોએ તેને તા. ૩૧/૮/૨૩નાં રોજ સાંજના ચારેક વાગ્યાનાં અરસામાં અમારી જમીનમાંથી ચાલવાની ના પાડેલ હતી.

જેથી આજ દિવસે સાંજના પાંચેક વાગ્યાનાં અરસામાં મને મારી નાખવાના ઈરાદે આ કામના સામાવાળા અગાઉથી આગોતરૂ કાવતરૂ રચી આ કામના સામાવાળા પદુભાઈ ઈંગોરાળાવાળા તથા જગાભાઈ આહીર ત્રંબોડાવાળા તથા અજાણ્યો ઈસમ મારી જમીનમાં ગેરકાયદેસર અપ પ્રવેશ કરી અવરોધ કરી મને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ હતા. જેથી મેં તેને ગાળો બોલવાની ના પાડતા આ પદુભાઈએ તથા જગાભાઈએ તેની ડેકીમાંથી ચાકુ કાઢી મને જાનથી મારી નાખવાના ઈરાદે દોડેલ હતા. જેથી હું ત્યાંથી ભાગી જતા આ જગુભાઈએ એક ચાકુનો ઘા ઘોડીની દોર ઉપર મારી દોરી તોડી નાખેલ હતી અને આ વખતે સીકયુરીટીમાં નોકરી કરતાં ભગીરથભાઈ આવી જતાં આ લોકો ત્યાંથી જતાં રહેલ હતા. આ મારી જમીનમાં આ લોકોનો રસ્તો ન હોવા છતાં આ હેમ ઉર્જા કંપની સાથે મળી આ સીકયુરીટીના રાકેશભાઈ સોરઠીયા તથા લકધીરભાઈ કોઠીવાળા તથા મયુરભાઈ આહીરનાઓએ અમારી મિલ્કતમાં ગેરકાયદેસર રીતે ચાલી અમારી મિલ્કત પચાવી પાડવાના બદ ઈરાદે અમારી ઉપર જીવલેણ હુમલો કરાવેલ છે. સાથે અને આ અગાઉ પણ મારી વાડીનો પાળો બાળી નાખી નુકસાન કરેલ હતું. આ અંગે અમોએ અમારી લેખીત ફરિયાદ આપેલ હોવા છતાંપણ બાબરા પોલીસે અમારી ફરિયાદ ઉપર કોઈ ધ્યાન આપેલ નહી અને આ કામના સામાવાળા સાથે મળી જઈ અને આ કામના સામાવાળાઓ રાજકીય વગ ધરાવતાં હોય જેથી રાજકીય નેતાના ઈરાદે અમારી ફરિયાદ બનાવના દિવસે લેવામાં આવેલ નહી અને ફરિયાદ ટાળ વાનો પ્રયત્ન કરવામાં આવેલ હતો અને ત્યારબાદ અહીયાથી પણ પોલીસ અટકવાનું નામ લેતી નથી. અમારી વિરૂધ્ધમાં ખોટી ખંડણીની ફરિયાદ આ કામના સામાવાળાઓ સાથે મિલાપીપણું દાખવી કરાવેલ હતી અને આ કામના સામાવાળાઓએ અમોને કહેલ પોલીસ અમારી છે તારે જયાં જવું હોય ત્યાં જા અમે તને જીવતા નહી રહેવા દઈએ. તેમ કહેતા મને ખૂબ જ ડર લાગેલ અને આ લોકો મને મારી નાખશે તેવી બીક લાગતા મેં ઝેરી દવા પી લીધેલ હતી અને દવાખાને દાખલ થયેલ હતો અને મેં ઝેરી દવા પીધા બાદ પોલીસ મારી ફરિયાદ લેવા આવેલ હતી. ત્યાં સુધી પોલીસે મારી ફરિયાદ લીધી નહી અને આ કામના સામાવાળ ાના પક્ષે રહેલ હતી. આ કામના સામાવાળા ખૂબ માથાભારે છે તેમજ અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ છે. જેથી જેના ડરને કારણે તેની વિરૂધ્ધમાં કોઈ પોલીસ ફરિયાદ કરતું નથી અને પોલીસ ધ્વારા અમારી ફરિયાદ અમોએ ઝેરી દવા પીધા બાદ લીધેલ હતી. પરંતુ તેમાં પણ માત્ર ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની હળવી કલમો લગાવી આરોપીને ટેબલ જામીન મળી જાય અને આરોપી છુટી જાય તે રીતે અમારી ફરિયાદ લેવામાં આવેલ હતી અને તે ફરિયાદ પણ અમોને વાંચવા આપેલ ન હતી.

આરોપીઓએ ગુન્હાહિત કાવતરૂ રચી અમારી વાડીમાં ગેરકાયદેસર રસ્તો કાઢી અમારી મિલ્કત પચાવી પાડવાના ઈરાદે અમારી વાડીમાં ગેરકાયદેસર અપપ્રવેશ કરી અને અવરોધ ઉભો કરી છરી જેવા પ્રાણઘાતક હથિયારથી મારી નાખવાના ઈરાદે અમારી ઉપર હુમલો કરવાનો પ્રયત્ન કરી અમારી વાડીનો પાળો બાળી નાખેલ હોવા છતાં પણ બાબરા પોલીસે એફઆઈઆરમાં ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૨૦ (બી), ૪૩૫, ૪૪૧, ૪૫૨, ૩૮૪, ૩૦૭, ૫૧૧ મુજબની ફરિયાદ લેવામાં આવેલ ન હતી અને બાબરા પોલીસ આરોપીઓ સાથે ભળી જઈ માત્ર ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની ફરિયાદ લીધેલ છે. જેના ારણે અમારી દવા પીવાનો વારો આવેલ છે.

## પૂર્વ ધારાસભ્ય ઠુંમર દ્વારા

# બાબરાનાં રાણપુરનાં ખેડૂતની ફરિયાદ અંગે મુખ્યમંત્રીને પત્ર પાઠવી તપાસની માંગ કરાઈ

### આરોપીઓ સામે કાર્યવાહી કરાવવા પણ પત્રમાં જણાવ્યું

અમરેલી, તા. ૪

બાબરાનાં રાણપુર ગામના નાં ખેડૂત ફરિયાદ અંગે પૂર્વ ધારાસભ્ય સ્વિરજીભાઈ ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવી જણાવેલ છે કે, અરજદાર રઘુભાઈ હમીરભાઈ વાળા મું. રાણપર, તા. બાબરાની બાબરા પોલીસ સ્ટેશનમાં આપેલ અરજીની નકલ આ સાથે સામેલ રાખી મોકલી રહ્યો છું. તેમાં જણાવ્યાનુસાર તેઓની માલીકીની ખેતીની જમીનમાં હેમ ઉર્જા સોલાર કપનીનો પ્લાન્ટ માટે ગેરકાયદેસર રસ્તો કાઢી ખેડૂતને જાનથી મારી નાખવાની ધમકી અને હુમલો કરેલ હોવાની બાબરા પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ લખાવેલ છે. બાબરા પોલીસ સ્ટેશન ધ્વારા આ બાબતની તપાસમાં બેદરકારી દાખવતા અને આરોપીઓ સાથે મળી ગુન્હાને મીનીમાઈઝ કરવાની કાર્યવાહી કરતા હોવાની રજૂઆત કરેલ છે. તો આ સાથેની ખેડૂતની અરજીના અનુસંધાને આપના લેવલેથી જરૂરી તપાસ કરાવી કાયદેસરની કાર્યવાહી સત્વરે કરવા આ પત્રથી રજૂઆત કરી રહ્યો છું.

## બાબરા ખાતે

# જન્માષ્ટમીનાં તહેવારને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### જન્માષ્ટમીનાં તહેવારની ઉજવણી કરાશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

જન્માષ્ટમી તહેવાર અંતર્ગત બાબરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મીટીંગનું આયોજન કરેલ હોય જેમાં બાબરા ખાતેથી હિન્દુ–મુસ્લિમ આગેવાનો હાજર રહેલ. જેમાં બાબરા પીઆઈ ચોધરી અને પી.એસ.આઈ. એ.એમ. રાધનપરા દ્વારા સુલેહ શાંતિ જાળવવા અપીલ કરવામાં આવેલ. જેમાં જન્માષ્ટમી તહેવાર અંતર્ગત હિન્દુ–મુસ્લિમ આગેવાનોએ સંપૂર્ણ સહકાર આપવા બાહેંધરી આપેલ.

## બાબરા જુના તાપડીયા આશ્રમમાં બિરાજતા

# શ્રી તાપડેશ્વર મહાદેવને હિમાલયનો અનુપમ શણગાર કરાયો

### મંદિરના પૂજારી જીતુદાદા જોશી દ્વારા શણગાર કરવામાં આવતા ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી

બાબરા, તા. ૪

બાબરામાં જુના તાપડીયા આશ્રમમાં બિરાજતા શ્રી તાપડેર મહાદેવના મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં ભાવિકોની ભારે ભીડ જામે છે અહીં મહાપૂજા, મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાય છે, નિત્ય અનુપમ શણગાર પણ કરવામાં આવે છે. મંદિરના પૂજારી જીતુદાદા જોષી દ્વારા અહીં શ્રી તાપડેર મહાદેવને હિમાલયનો દિવ્ય અને અનુપમ શણગાર કરવામાં આવતા ભાવિકોએ દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## સાવરકુંડલા શહેરમાં આવેલ

# નૂતન કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીએ કોલેજનું ગૌરવ વધાર્યુ

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલાની વિદ્યાર્થીની વાઘેલા હેતલ બળવંતભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ એન.એસ.એસ. વિભાગ દ્વારા યોજાયેલ Pre RD camp ma પસંદ પામેલ ત્યારબાદ ગુજરાત વિદ્યાપીઠ ખાતે ઈન્ટર યુનિવર્સિટી Pre RD camp ma પસંદ થઈ આગામી ૧/૧૧/૨૦૨૩ થી ૧૦/૧૧/૨૦૨૩ સુધી વિજયવાડા (આંધ્રપ્રદેશ)ખાતે પરેડમા ભાગ લેવા જશે. શ્રી નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર, ઉપપ્રમુખ મુકુંદભાઈ નાગ્રેચા , મેનેજીંગ ટ્રસ્ટી જયંતિભાઈ વાટલીયા, વિભાગીય ટ્રસ્ટી કનુભાઈ ગેડીયા, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડી.એલ. ચાવડા, પ્રોગ્રામ ઓફિસર ડો. હરિતાબેન, કો–ઓર્ડીનેટર ડો.કે.પી. વાળા તથા સમગ્ર સ્ટાફ પરિવાર વાઘેલા હેતલ બળવંતભાઈને અભિનંદન તથા શુભકામનાઓ પાઠવેલ છે.




YAMAHA RACING ॥ વંદે માતરમ્ ॥ FZS-Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક




* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર ▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪મો. ૯૯૦૯૧ ૭૯૯૫૫

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO



ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
Go BIG Go XOOM




Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ




ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### શિક્ષક દિન – સાફલ્યા ગાથા

# મિતિયાળાના શિક્ષકે શૈક્ષણિક રમકડાં અને શિક્ષણને લગત રમતો દ્વારા શિક્ષણને રસપ્રદ બનાવ્યું

## જાફરાબાદ તાલુકાના મિતિયાળા પ્રાથમિક શાળાના શિક્ષક રાઘવભાઈ કટકીયાના રમકડાં અને રમતોની એન.સી.આર.ટી.ઈ. દ્વારા નોંધ લેવાઈ, તજજ્ઞ તરીકે પસંદગી



અમરેલી, તા.૦૪

૦૫મી સપ્ટેમ્બર એટલે દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન. પાંચ સપ્ટેમ્બરને 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષક વિશે એવું કહેવાય છે કે 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ' ચાણકયનું આ વાકય શિક્ષકનું ઘણું મહત્વ સમજાવી જાય છે. નાની નાની રમતો અને વિવિધ રમકડાંઓ દ્વારા શિક્ષણમાં નવસર્જન કરનારા અમરેલી જિલ્લાના જાફરબાદ તાલુકાના મિતિયાળા પ્રાથમિક શાળાના શિક્ષક રાઘવભાઈ કટકીયાએ અદ્‌ભૂત પ્રયોગો કર્યા છે. દર શનિવારે બાળસભામાં 'રઘુ રમકડું'ના નામથી વાર્તા અને પાઠના વિવિધ પાત્રો અનુસાર વેશભૂષા ધારણ કરી બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપવાનું પ્રેરક કાર્ય કરી રહ્યા છે. તેમણે ૨૦૦થી વધુ શૈક્ષણિક રમકડાં અને ૫૦૦ જેટલી શિક્ષણને સંલગ્ન રમતો દ્વારા શિક્ષણને રસપ્રદ બનાવ્યું છે. તાજેતરમાં જ નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ (એન.સી.આર.ટી.ઈ.) દ્વારા યોજાયેલા વર્કશોપમાં રાઘવભાઈની પસંદગી તજજ્ઞ તરીકે કરવામાં આવી હતી.

શાળામાં શિક્ષણને વધુ રસપ્રદ બનાવવા અને શાળામાં અંતરિયાળ કાંઠા વિસ્તારના બાળકોની હાજરી વધારવાના ઉમદા હેતુથી રાઘવભાઈએ એક અનોખો પ્રયોગ શરૂ કર્યો. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પૂરૂં પાડવાના ઉત્તમ હેતુથી શિક્ષણને સાંસ્કૃતિક અને બુદ્ધિ વિકાસની પ્રવૃત્તિઓ સાથે જોડી તેઓ અભ્યાસ અને ઈત્તર પ્રવૃત્તિઓમાં નાવિન્ય લાવ્યા છે.

રાઘવભાઈ ૨૦થી વધુ પ્રકારના વિવિધ પાત્રો ભજવે છે. બાળકોને વાર્તા, નાટક, જુદી–જુદી રમતો, વિવિધ વેશભૂષા ધારણ કરીને બાળકોને જીવનલક્ષી પાઠ પણ તેઓ શીખવાડી રહ્યા છે. 'રઘુ રમકડું'ના હુલામણા નામથી શિક્ષક રાઘવભાઈ આ પાત્રો ભજવીને બાળકોને વિવિધ રીતે તૈયાર કરી તેમની કલ્પના શકિતને પાંખો આપી રહ્યા છે. બાળકોની સુષુપ્ત શકિતઓને વિકસવાની તક મળી રહે તેવો તેમનો અભિગમ છે.

શાળાઓમાં મોટા ભાગે દર શનિવારે બાળસભા યોજવામાં આવે છે. આ બાળસભામાં તેઓ અભ્યાસક્રમના વિવિધ પાઠના પાત્રો, સામાજિક અને ધાર્મિક વાર્તાના પાત્રો, જ્ઞાનસભર અને શારિરીક અને બૌદ્ધિક વિકાસ થાય તે પ્રકારની રમતો રમાડે છે. આ પાત્રો માટે વેશભૂષા અને જરૂરી સાધન સામગ્રીઓ, 'વેસ્ટમાંથી બેસ્ટ' પદ્ધતિ દ્વારા તૈયાર કરવામાં આવે છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલા પ્રયાસથી મિતિયાળા પ્રાથમિક શાળામાં ભણતા બાળકોની અભ્યાસની સાથે ઈત્તર પ્રવૃત્તિઓમાં રૂચિ વધી છે અને બાળકોની શાળામાં હાજરી પણ વધી છે. તેમની આ પ્રવૃત્તિઓને લીધે ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટયો છે તે સાથે જ રાજય સરકારના શિક્ષણ મહાયજ્ઞનો એક ઉદ્દેશ્ય સાર્થક થઈ રહ્યો છે.

વિવિધ પ્રવૃત્તિઓ અને શિક્ષણમાં અવનવું કરતા રાઘવભાઈ જણાવે છે કે, વર્ષ ૨૦૧૫થી મેં આવી વિવિધ પ્રવૃત્તિઓ શાળામાં શરૂ કરી હતી. શરૂઆતમાં બાળકોને શાળા સુધી લાવવા અને પછીતેઓ શાળાએ નિયમિત આવે અને તેમનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે આ એક પ્રયોગ કર્યો હતો. બાળકોની રૂચિ હતી એવું અનુભવ્યું એથી તેમને પણ આ પ્રવૃત્તિઓમાં જોડયા. શિક્ષણ સાથે ઈત્તર પ્રવૃત્તિઓ થકી માનવ સંસાધન વિકાસનો અભિગમ વિવિધલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા સમય સાથે એવું પરિણામ મળ્યું કે, ખાનગી શાળામાં અભ્યાસે જતા હતા તે વિદ્યાર્થીઓ પણ આ ગામની સરકારી શાળામાં ભણવા માટે આવ્યા છે. તેમના આ અભિગમ અને પ્રવૃત્તિને લીધે મિતિયાળા જેવા કાંઠા વિસ્તારના બાળકોને અભ્યાસ સાથે ઈત્તર પ્રવૃત્તિઓની સ્થાનિક સ્તરે ઉત્તમ તક સાંપડી છે.

રાઘવભાઈ ઉમેરે છે કે, અત્યાર સુધીમાં મેં વેસ્ટ ચીજોમાંથી આશરે ૨૦૦થી વધુ પ્રકારના શૈક્ષણિક રમકડાં તૈયાર કર્યા છે. આ એવાં રમકડાં છે જે બાળકો પોતાની ઘરે પણ બનાવી શકે છે અને તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો કરી શકે છે. આ ઉપરાંત અમે જે રમતો રમાડીએ છીએ જેના દ્વારા જ્ઞાન સાથે ગમ્મત મળે એવી રમતોની સંખ્યા ૫૦૦ જેટલી છે.

'રઘુ રમકડું'ના હુલામણા નામના નેજા હેઠળ રાઘવભાઈ, દાદા–દાદી, માલધારી, ઋષિમુનિ, સુદામા, જોકર, ચાર્લી ચેપ્લિન, વાંદરાની વાર્તા, ટોપીવાળો, ખેડૂત, પિતા, શિક્ષક જેવાં અનેકવિધ પાત્રો દ્વારા પ્રસંગને અનુરૂપ વાર્તાઓ એકપાત્રીય અભિનય, નાટિકા, સમૂહ ગાન જેવા વિવિધ માધ્યમો દ્વારા રજૂ કરે છે.

આ ઉપરાંત બોર્ડ ગેમ્સ, ગલ્લા વિતરણ, પાણીના કુંડાનું વિતરણ, સામાન્ય જ્ઞાન વર્ધક રમતો પણ બાળકોને તેઓ રમાડે છે. આ ઉપરાંત શાળામાં જોડાયા ત્યારથી રાઘવભાઈ પોતાના અને પત્નીના જન્મદિને બાળકોને માટીના ગલ્લા ભેટમાં આપી અને નાણાની બચત કરતા શીખવાડે છે. તેઓ જણાવે છે કે, અતિ સામાન્ય સ્થિતિમાંથી આવતા બાળકો આ ગલ્લામાં પોતાની નાની બચત એકઠી કરે છે. જેના દ્વારા તેઓ પોતાની મનગમતી ચીજો ખરીદી શકે છે.

'રઘુ રમકડા'ની આ વાર્તાઓ–રમતો અને અને પ્રવૃતિઓ ફેસબુક અને યુ–ટ્યુબ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે. કોરોના કાળ દરમિયાન રાઘવભાઈ પોતાની મોટરસાઈકલ પર આજુબાજુના ગામડે જઈને બાળકોને પોતાના ઘર આંગણે ભણાવતા હતા. તેમની હરતી ફરતી શાળાની એ સમયે વિશેષ નોંધ લેવામાં આવી હતી. તાજેતરમાં જ જાફરાબાદ તાલુકાના શૈક્ષણિક પ્રવાસ અર્થે આવેલા શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ પણ રાઘવભાઈનું શિક્ષણલક્ષી આ કાર્ય જાણી અને તેમને બિરદાવ્યા હતા.

### રાજગોર બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે

# સા.કુંડલા ખાતે સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

## નવનિયુકત હોદ્દેદારોનું સન્માન થયું



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલામાં રાજગોર બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે સરસ્વતી સન્માન અને નવનિયુકત હોદ્દેદારોનું સન્માન સમારંભ યોજાયો હતો. દિવ્યકાન્ત જોશીનાં અધ્યક્ષ અને આ કાર્યક્રમ યોજાયો હતો. જેની અંદર સૌરાષ્ટ્ર અને અમરેલી જિલ્લાનાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનાં હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. ધોરણ એકથી કોલેજ સુધીનાં ગુજરાતી અને ઈંગ્લીશ મીડીયમનાં વિદ્યાર્થી ભાઈ–બહેનોને ખાસ પ્રમાણપત્ર અને પ્રેઝન્ટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, જ્ઞાતજનો, ભાઈ–બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સા.કુંડલા ખાતે રેડક્રોસ યુથ કલબ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



સાવરકુંડલા, તા. ૪


શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી. કાણકિયા આર્ટસ એન્ડ શ્રી એમ.આર.સંઘવી કોમર્સ સાવરકુંડલા ખાતે તારીખ ૨૫/૮/૨૦૨૩, શુક્રવારનાં રોજ N.S.S./N.C.C./રેડ ક્રોસ યુથ કલબ વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમૂહ સફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

જેમાં એન.એસ.એસ./એન.સી.સી/રેડ ક્રોસ વિભાગનાં વિદ્યાર્થી ભાઈઓ–બહેનોએ ખૂબ ઉત્સાહ અને મહેનતથી કોલેજનું બિલ્ડીંગ, મેદાન, લાયબ્રેરી, સભાખંડ, બાગ–બગીચો, કોમ્પ્યુટર લેબ સમગ્ર કેમ્પસની સઘન સફાઈ કરી હતી. આ કાર્યક્રમના પ્રારંભમાં કોલેજ સ્ટાફ પરિવાર દ્વારા દીપ પ્રાગટય કરી સરસ્વતી પૂજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ કોલેજનાં આચાર્ય પ્રિ. ડો. એસ.સી. રવિયા સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું તેમજ આ કોલેજમાં કાર્યરત એવા પાંચ સફાઈ કર્મીઓનું કોલેજ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રો.ડો. એમ.જે.પટોળીયા (N.C.C. પ્રોગ્રામ ઓફિસર)નાં નેતૃત્વમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિ.ડો. એસ.સી.રવિયા, વા.પ્રિ.પ્રો. રિન્કુબેન, ડો.એ.કે.પરમાર, ડો.દિલીપભાઈ ભટ્ટ, ડો. બી.ડી. વરૂ, ડો. પી.ડી.રાણીપા, ડો.હરેશભાઈ દેસરાણી, પાર્થભાઈ ગેડિયા, ચૌહાણ વિપુલભાઈ તથા સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ જહેમત ઉઠાવેલ.

# ૫ સપ્ટેમ્બર : રાષ્ટ્રીય શિક્ષક દિન



૫ સપ્ટેમ્બર એટલે ' રાષ્ટ્રીય શિક્ષક દિન. મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન ''શિક્ષક દિન'' તરીકે ઊજવાય છે.

આ દિવસે ૧૯૬૬ના રોજ ટીચિંગ ઈન ફ્રિડમ નામની એક સંધી પર હસ્તાક્ષર થયા હતા. આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ટીચિંગ ઈન ફ્રિડમ સંધી હેઠળ શિક્ષકોનાં અધિકારો, જવાબદારી અને શીખવા–શીખવવાનો માહોલ ઉભો કરવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. ૫ ઓકટોબર ૧૯૯૭નાં રોજ આયોજીત આ સંમેલનમાં યૂનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઈને વર્ગીકરણ કર્યુ હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષણનો મોટો ફાળો છે. આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાનાં હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે.

જો કે વિનાં જુદા જુદા દેશોમાં શિક્ષક દિન અલગ તારીખે પણ ઉજવાય છે જેમાં ભારતમાં ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન હોય છે. આ સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધારસ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ખુબ સાદી અને સરળ રીતે કહી શકાય કે જે શિક્ષા આપે તે શિક્ષક. જે જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનનાં મૂલ્યોની સાચી સમજ આપે એ શિક્ષક. શિક્ષકનું યોગદાન સમાજમાં ઘણું મહત્વનું છે.

ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યુ. વિદ્યા જેવુ અમૂલ્ય ધન મેળવવા માટે આપણે હંમેશા એક સારા ગુરૂની શોધ કરતા આવ્યા છે. કારણ કે એક સારા શિક્ષક જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. સારા શિક્ષક એ જ છે કે જે કાર્ય કરતા પહેલા વિચારે છે, કાર્ય કરતી વખતે વિચારે છે, અને કાર્ય કર્યા બાદ પણ તેનુંજ ચિંતન કરે છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછુ નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

– મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સલડી મુકામે તાલુકા કક્ષાનો ૭૪માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી



લીલીયા, તા. ૪

લીલીયા તાલુકા ના સલડી ગામે ૭૪ મો તાલુકા કક્ષા વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ. આ પ્રસંગમાં અધ્યક્ષ મ.વ.સં., રે.ફો.ઓ., તથા ટ્રસ્ટી દ્વારા વૃક્ષોની વિશેની સમજૂતી, વૃક્ષ હોવાનું મહત્વ તેમજ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ.


આ કાર્યક્રમમાં મહાનુભાવોનાં હસ્તે વૃક્ષારોપણ તેમજ રોપા વિતરણ કરી 'વૃક્ષ એજ જીવન' તે ઉકિતને સાર્થક કરવા વૃક્ષારોપણનાં કાર્યને એક ઉત્સવ તરીકે ઉજવવામાં આવેલ. તેમજ આ કાર્યક્રમમાં લાભાર્થીઓને (નિર્ધમ ચુલા) કીટ વિતરણ કરવામાં આવેલ તેમજ આવેલ મહાનુભાવોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ અંતર્ગત ૫૦૦ રોપા વિતરણ અને ૫૦ રોપાનું વાવેતર કરવામાં આવેલ. આ પ્રસંગે એમ.યુ. શેખ મ.વ.સં.અમરેલી, સુ. જે.એસ. ખાખસ રે.ફો.ઓ. અમરેલી લીલીયા આર.એફ.ઓ. ગલાણી, સલડી સરપંચ મનુભાઈ ડેર, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલભાઈ દુધાત, મામલતદાર રાદડિયા તાલુકા વિકાસ અધિકારી હેતલબેન કટારા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિનાં ચેરમેન પુનાભાઈ ગજેરા, ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, જીગ્નેશ સાવજ, તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા રાશિભાઈ ડેર, તા.પં. સદસ્ય ઘનશ્યામભાઈ મેઘાણી, બાલાભાઈ ડેર, બાલાભાઈ ભરવાડ સહિતનાં સલડીનાં ગ્રામજનો, આગેવાનો ઉપસ્થિત રહેલ.

હાઈસ્કુલનાં ટ્રસ્ટી પંકજભાઈ શુકલ તથા ગ્રામજનો, વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહેલ તેમજ કાર્યક્રમમાં આભાર વિધિ સ્કૂલના આચાર્ય દ્વારા કરવામાં આવેલ અને કાર્યક્રમનું સંચાલન ડો. કેતન કાનપરિયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનાં અંતે અલ્પાહારનું આયોજન રાખવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# અલખનાં આરાધક શ્રી ધનાબાપુ

## બાળપણથી જ દીનદુઃખીઓની સેવામાં જ વ્યસ્ત રહેતાં હતાં



સાવરકુંડલા, તા. ૪

સંતશ્રી ધનાબાપુનો જન્મ સાવરકુંડલામાં થયો હતો. તેમને માતાપિતા પાસેથી વારસામાંથી ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયું હતું. તેઓ બાળપણથી ગરીબ–દીનદુઃખીઓની સેવામાં જ વ્યસ્ત રહેતાં યુવાન વયે પહોંચેલાં ધનાબાપુને લગ્ન કરવા ન હતાં, પણ માતાપિતાનાં દબાણવશ તેમને લગ્ન કરવા પડયા. સતત ઈશ્વર ભકિતમાં લીન રહેતાં ધનાબાપુને સંસારમાં તેનું મન અકળાવવા લાગ્યું સમર્થ ગુરૂશ્રી ગોવિંદાબાપુનું સાનિધ્ય સાંપડતાં જ ધના ભગત ઈશ્વર ભકિતમાં લીન રહેવા લાગ્યા.સંસાર ત્યાગી ભગવત ભકિતમાં લીન એવા ધનાબાપુ જયારે ઝૂંપડીમાં ઈશ્વર સ્મરણ કરતાં ત્યારે સાપ વીંછી સહિતનાં અનેક જીવજંતુઓ તેમની ઉપરથી પસાર થતાં પણ તે મૌન માર્ગના ઊંડા દરિયામાં ડૂબકી લગાવતાં હોય તેમ તેઓ એકચિત્તે આસન લગાવી બેસતાં. ધનાબાપુએ ભગવતભકિત સાથે દીન દુઃખી, ગરીબ, અબળા અને અબોલ જીવને પોતાનું દુઃખ માનીને અવિરત સેવા કાર્ય કરતાં રહ્યાં. ધનાબાપુએ દર પૂનમે ભજન અને ભોજનની પરંપરા શરૂ કરી હતી. તેમણે અનેક ગરીબ પરિવારનાં દિકરા–દિકરીઓનાં લગ્ન માટે જગ્યા આપી હતી. કોરોના કાળ દરમિયાન અવિરત ગરીબ અને દીનદુઃખી માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. જે ખરેખર કાબીલેદાદ છે. સંત શ્રી ધનાબાપુ સતત ૧૪ વર્ષ સુધી મૌન રહ્યાં હતાં. મૌન દરમિયાન ચૂંટણી અધિકારી અને વસતીગણતરી અધિકારી આશ્રમમાં આવતાં ત્યારે પાર્ટીમાં લખી સહકાર આપતાં. સંત શ્રી ધનાબાપુના સત્સંગથી અધિકારી વર્ગમાં પણ મૌનનો મહિમા વધ્યો. સંત શ્રી ધનાબાપુ કહેતાંકે મૌન એ પારસમણિ છે. મૌનથી વ્યકિતનાં તમામ સંકલ્પ વિકલ્પ મટી જાય છે. અને માત્રને માત્ર શાંતિની અનુભૂતિ થાય છે. આજીવન ભગવતભકિત અને લોકસેવામાં રત રહેતાં એવાં શ્રી ધનાબાપુની વિદાયથી સંત સમુદાય અને સેવકગણમાં આંચકાની અનુભૂતિ થઈ હતી. તેમની વિદાય વેળાએ અનેક સંતોએ હાજરી આપી હતી. હાલ સંત શ્રી ધનાભગતની જગ્યાના મહંત શ્રી રામજીબાપુ સેવા પૂજા કરી રહ્યા છે.


# સા.કુંડલાની બ્રાન્ચ શાળા–૩માં વિજ્ઞાન મેળાનું આયોજન થયું



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નંબર ૮ માં વિજ્ઞાન મેળાનું વિદ્યાર્થીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓએ ઈસરો દ્વારા બનાવવામાં આવેલ ચંદ્રયાન જેવું જ મોડેલ બનાવ્યું હતું તેમજ ખેતી ઓઝાર, ફાઉન્ટેન મોડેલ, ગ્રીન હાઉસ, ઈલેકિટ્રક ટ્રક, જળ ચક્ર જેવા ઉપયોગી ઉપકરણો બનાવવામાં આવ્યા હતા. શાળા નંબર ૮ નાં આચાર્ય ઉષાબેન મહેતા તેમજ જયશ્રીબેન, જિગરભાઈ, હિના બને, હર્ષાબેન, કેતનભાઈ, નીલમબેન, નરેન્દ્રભાઈ, ક્રિષ્નાબેન સહિતનાં શિક્ષકોએ યોગ્ય ગાઈડન્સ આપીને વિજ્ઞાન મેળાનું સફળ આયોજન કર્યુ હતું. ત્યારે વિદ્યાર્થીઓની પ્રતિભા જોઈને આચાર્ય સહિતનાં શિક્ષકો પણ ખુશ થયાં હતાં.

# વંડાનાં લેખક સુધીરભાઈ મહેતા ચોસઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે



સાવરકુંડલા. તા.૪

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વંડા ગામમાં પિતાજી કાનજી દાદા અને માતૃશ્રી મંગળાબાની કૂખે તા. ૫/૯/૧૯૬૦ શિક્ષકદીને જન્મેલ કેળવણીકાર અને લેખક સુધીરભાઈ મહેતા રાજય અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિભૂષિત છે તેમની વર્ષગાંઠ તા. ૫/૯/ ૨૦૨૩ને દિને છે તેવો ૬૩ વર્ષ પૂર્ણ કરીને ૬૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે.

સાત ભાઈઓમાં એક બહેન ૩૩ માણસના વંડા ગામે સંયુક્ત કુટુંબમાં જન્મેલ સુધીરભાઈ મહેતા તેના માતા – પિતાનું પાંચમું સંતાન છે.

કર્મસ્થાન ભાવનગર જિલ્લો અને અમરેલી જિલ્લામાં જુદી જુદી પ્રાથમિક શાળાઓમાં કર્મઠ શિક્ષક તરીકે પાયાના પ્રહરી બનીને બાળ કેળવણીમાં ઉત્તમ કાર્ય કર્યુ.

લેખક તરીકે નાનપણથી વાંચનની ટેવ હતી અને સાહિત્ય સાધના આગળ વધતી ગઈ ભાર વિનાનું ભણતર તેઓએ સાર્થક કર્યું તેમના જન્મદિનના પાંચમી સપ્ટેમ્બરના રોજ રાજય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ તથા રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અર્પણ થયા છે. પ્રવીણ પ્રકાશન રાજકોટ ભરાડ ફાઉન્ડેશન રાજકોટ સદવિચાર પરિવાર અમદાવાદ નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ જુદા જુદા પ્રકાશનો દ્વારા તેમની કલમે ૨૩ પુસ્તકો સમાજને ખોળે ધર્યા છે

આકાશવાણી પરથી પ્રસારીત રત્નકણિકાઓનો સંગ્રહ ભાવસાગરના મોતી ગુજરાત સરકારે ઓપરેશન બ્લેક બોર્ડ યોજનામાં ૨૦૦૦થી પ્રાથમિક શાળાઓ માટે તેની સુપ્રસિદ્ધ પસંદગી કરી છે. પાનખર કોલમમાં પ્રસિદ્ધ લેખોના સંકલનથી પાંચ પ્રકાશન પુસ્તકો ચાર વાર્તા સંગ્રહ એક નવલિકા સંગ્રહ ચાર વ્યક્તિ ચરિત્રો લેખિકાબેન વંદિતાબેન રાજયગુરૂની કલમે સુધીરભાઈ મહેતાના પરિચયની પુસ્તિકા વસંતની સુગંધ સુધીરભાઈ મહેતા પ્રગટ થઈ છે.

જેમના વિશે રાધેશ્યામ શર્મા વંદિતા રાજયગુરૂ દિલીપ રાણપુરા દિનુભાઈ ચુડાસમાએ આલેખન કર્યુ છે જેમના નામમાં સુ– ધીર સાત્વિક ધૈર્ય છે તેવા ૬૪ માં વર્ષમાં પ્રવેશ કરનાર સુધીરભાઈ મહેતા વિશે શિક્ષણ અને શબ્દના આરાધક શીર્ષક હેઠળ પ્રગતિશીલ શિક્ષણ અંક ઓકટોબર ૨૦૨૨માં પ્રાધ્યાપક શ્રી પ્રવીણચંદ્ર ઠક્કર પૂર્વ નિયામક લોકભારતીની કલમે સુધીરભાઈ વિશે નિરાભિમાની નિખાલસ સંયમી શિવ પૂજક સુધીરભાઈના આપણે વધામણા કરીએ અને શુભેચ્છા આપીએ કે તેઓ સમાજના અધ્વર્યુ તરીકે જ્ઞાનયજ્ઞકરતા રહે સુધીરભાઈ નો મોબાઈલ નંબર ૯૪૨૮૬ ૨૦૫૬૨ છે.

### વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનું નિવેદન

# પ્રધાનમંત્રી આવાસ યોજના થકી ગરીબ પરીવારનું 'ઘરના ઘર' નું સપનું સાકાર થયું

### તાલુકાનાં ૧૪૪ લાભાર્થીઓને સહાય સ્વરૂપે કુલ રૂા. ૫.૭૦ લાખની સહાય

અમરેલી તા. ૪

અમરેલી તાલુકા પંચાયત દ્વારા ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં અધ્યક્ષસ્થાને સિવીલ હોસ્પિટલ ઓડિટોરિયમ હોલ, અમરેલી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય ચેક, બાથરૂમ સહાય અને પ્રશસ્તિ પત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન બાંધકામ મંજૂરી મળ્યા બાદ ૬ મહિનામાં મકાનનું બાંધકામ પૂર્ણ કરનાર લાભાર્થીઓને મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય સ્વરૂપે વધારાની રૂા. ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત બાથરૂમ સહાય સ્વરૂપે કુલ રૂા. ૫ હજાર વધારાની સહાય આપવામાં આવે છે. આમ, ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા માટે મકાન સહાય કુલ રૂા. ૧,૨૦,૦૦૦ અને પ્રોત્સાહક રકમ સહિત કુલ રૂા. ૧,૬૬,૦૦૦ની રકમ લાભાર્થીઓને મળે છે. પી.એ.વાય (ગ્રામીણ) અંતર્ગત અમરેલી તાલુકાના કુલ ૭૭ લાભાર્થીને અતિરિક્ત સહાય સ્વરૂપે કુલ ઢ. ૧૫,૪૦,૦૦૦ની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત અમરેલી તાલુકાના ૧૧૪ લાભાર્થીઓને બાથરૂમ સહાય સ્વરૂપ કુલ રૂા. ૫,૭૦,૦૦૦ની સહાય અને પ્રશસ્તિ પત્રનું વિતરણ કરવામાં આવ્યું હતુ. મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય ચેક, બાથરૂમ સહાય અને પ્રશસ્તિ પત્ર વિતરણ કાર્યક્રમને



સંબોધન કરતાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત કરી હતી. આ યોજના અન્વયે દેશમાં સામાન્ય અને ગરીબ લોકોને સરકાર મકાન બાંધકામ અર્થે સહાય અર્પણ કરીને ગરીબ લોકોના 'ઘરના ઘર'' નું સપનું સાકાર થઈ રહ્યું છે. કાર્યક્રમ પ્રસંગે વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વેકરિયાએ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત તાલુકા પંચાયત હોદ્દેદારો અને અધિકારીઓ, કર્મચારીઓની અને અમરેલી તાલુકાના સરપંચોની કામગીરીને બિરદાવી હતી.

મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય ચેક, બાથરૂમ સહાય અને પ્રશસ્તિપત્ર વિતરણ કાર્યક્રમમાં અમરેલી તાલુકા પંચાયત કાર્યકારી પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક વસ્તાણી, અમરેલી તાલુકા વિકાસ અધિકારી દિલિપભાઈ પંડયા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અમરેલીનાં સભ્યો, અમરેલી તાલુકા અંતર્ગત ગામના સરપંચો, તલાટી-કમ-મંત્રીઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# લીલીયા મોટા ખાતે મામલતદાર, ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત કરતાં કલેકટર અજય દહિયા

લીલીયા, તા. ૪

લીલીયા મોટાની મામલતદાર કચેરી ખાતે મુલાકાત કરી કામગીરીની સમીક્ષા કલેકટર અજય દહિયા દ્વારા કરવામાં આવેલ. જેમાં પ્રજાકીય કાર્ય થાય અને સરકારની યોજનાનો વધુમાં વધુ લાભાર્થીને લાભ મળે તેવા હકારાત્મક અભિગમ સાથે કચેરીની મુલાકાત કરવામાં આવેલ.

જેમાં મામલતદાર રાદડિયા તેમજ વિપુલભાઈ મહેતા, સર્કલ ઓફિસર બારીયાભાઇ દ્વારા કલેકટરને વિવિધ કામગીરીથી અવગત કરાયા. ત્યારબાદ લીલીયા ગ્રામ પંચાયત કચેરી દફતર મુલાકાત કરાઈ જયાં ઉપસ્થિત સરપંચ જીવનભાઈ વોરા અને મંત્રી ઈન્દુબેન ડાભી તેમજ ગ્રામ પંચાયત સદસ્યો દ્વારા કલેકટરનું સ્વાગત સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સરપંચ દ્વારા હાલની લીલીયાની પરિસ્થિતિ અંગે વાકેફ કરાયા.

જેમાં ભૂગર્ભ ગટરની સંપૂર્ણ માહિતી આપતા સરપંચ દ્વારા જણાવવામાં આવેલ કે લીલીયા ભૂગર્ભ ગટરના પમ્પિંગ સ્ટેશનો બંધ છે,




સફાઈ સાધનો જેવાકે જમ્બો જેટીંગ મશીન કે અન્ય કોઈ સાધનો આપેલ ન હોય જે અંગે કલેકટરને માહિતગાર કરાયા ત્યારબાદ લીલીયાની જનતા માટે નવા ગ્રામ પંચાયત બિલ્ડિંગની પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી સાથે સાથે કલેકટર અજય દહિયા દ્વારા કિસાનનિધિ વિસ્તરણ અધિકારીને સાથે રાખી જરૂર પડે તો કેમ્પ કરી લાભાર્થીઓને વધારેમાં વધારે સરકારની યોજનાનો લાભ મળે તેવી સરપંચને કલેકટર દ્વારા સૂચના આપવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### જનતાજનાર્દન વ્યાપક પ્રમાણમાં કરવેરા ચુકવતી હોય

# ભાઈસા'બ : સા.કુંડલાનાં પંડિત દીનદયાળ ઉપવનમાં વિનામૂલ્યે પ્રવેશ આપો

### શાસકોએ હરવા-ફરવાની વ્યવસ્થા વિનામૂલ્યે આપવી જોઈએ

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા નગરપાલિકા સંચાલિત મહુવા રોડ પર આવેલા પંડિત દીનદયાળ ઉપવન ખાતે તમામ નાગરિકો માટે પ્રવેશ નિઃશુલ્ક કરવામાં આવે તેવું શહેરનાં નાગરિકો ઈચ્છી રહ્યા છે. ખરાં અર્થમાં વૈષ્ણવજનની ભાવના કેળવાય એ પણ જરૂરી છે. આ સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલા પંડિત દીનદયાળ ઉપવનમાં પ્રવેશ માટે રૂપિયા પાંચ પ્રવેશ શુલ્ક ચૂકવવી પડે છે. જે શહેરમાં આરોગ્ય ક્ષેત્રે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર જેવી હોસ્પિટલમાં તમામ સારવાર દવા ભોજન નિઃશુલ્ક ઉપલબ્ધ હોય એવા શહેરમાં નાગરિકોએ નગરપાલિકા સંચાલિત પંડિત દિનદયાળ ઉપવન (જનતાબાગ)માં પ્રવેશ કરવા માટે રૂપિયા પાંચ પ્રવેશ ફી ચૂકવવી પડે છે એ વાત પણ ખરેખર કરૂણાજનક ગણાય. સામાન્ય રીતે ગુજરાતનાં મોટાભાગનાં શહેરોમાં બગીચામાં પ્રવેશ માટે કોઈ પ્રવેશ ફી લેવામાં આવતી નથી એવું સાંભળવા મળે છે. પરંતુ સાવરકુંડલા શહેરમાં આ પંડિત દીનદયાળ ઉપવન અર્થાત્ જનતા બાગમાં પ્રવેશ માટે કર એટલે કે પ્રવેશ ફી ચૂકવવી પડે છે. તેથી ગરીબ વર્ગના લોકો આ બગીચાનો લાભ લઈ શક્તા નથી. સાવરકુંડલા નગરપાલિકા આ અંગે કશું માનવતાવાદી વલણ અખત્યાર કરીને આ બગીચામાં પ્રવેશ કરવા માટે પ્રવેશ શુલ્ક નાબૂદ કરે તો છેવાડાનાં શ્રમિક અને ગરીબ વર્ગનાં લોકો પણ આ બગીચામાં પ્રવેશ કરી પોતાની માનસિક થાક દૂર કરી શકે. માત્ર જરૂર છે સંવેદનાની. જો તંત્ર પણ ગરીબો પ્રત્યે કુણું વલણ દાખવી પંડિત દીનદયાળ ઉપવનમાં પ્રવેશ નિઃશુલ્ક કરે તો ગરીબ વર્ગના લોકો પણ આ જનતા બાગ ખાતે પ્રવેશી આનંદ માણી શકે. સાવરકુંડલા ધારાસભ્ય આ સંદર્ભે અંગત રસ લઈને આ સંદર્ભે યોગ્ય કરે એવું ગરીબ અને શ્રમજીવી વર્ગ ઈચ્છી રહ્યો છે.

# રાજુલામાં પાંડવો હસ્તે સ્થાપીત શિવલીંગ એટલે કુંભનાથ મંદિર




શ્રાવણ માસનાં પ્રારંભથી આખો મહિનો ઓમ નમઃ શિવાયનું રટણ ચાલુ, થશે અને સદાશિવનું નામનો પ્રાચીન કાળથી બારેમાસ લેવાતું હોય છે. તેમ છતાં શ્રાવણમાસ શિવજીને ભજવાનો અનેરો અવસર છે. ત્યારે અમરેલી જિલ્લાનાં દરિયાઈ પટી, ઉપરનાં રાજુલા ખુબ જ વિકાસ પામતું જાય છે.તાલુકાનાં મોટા મોટા ઉદ્યોગ આવી રહયા છે.

રાજુલાની પ્રગતીમાં અલ્ટ્રાટેક સીમેન્ટ તથા પીપાવાવ પોર્ટ થતા થોડું, અધ્ધર થયું છે. ત્યારે આ શહેરનાં વિકાસ જેટ ગતીએ થઈ રહયો છે. બહારથી રોજી રોટી માટે કંપનીમાં આવે છે. તેવા પ્રગતી શીલ રાજુલા વિખ્યાતગીરી કંદરામાં બારેમાસ હર હર મહાદેવનાં દિવ્યનાંદ કુંભનાથ દાદાનું પાંડવ યુગ, વખતનું પુરાણુ, કૈલાશ સ્વરૂપ, શિવાલય આજે પણ હજારો ભાવિકો મનને શાંતી આપે છે.

આ પંથકમાં કૈલાશરૂપી મહા શિવાયલ રાજુલાથી પશ્રિમે થોડા અંતરે આવ્યું છે. આ આધ્યાત્મિક જયોતી સમુહ ધામ છે. શ્રાવણમાસ શરૂ થતાં હજારો ભાવિકો હર હર શંભુ ઓમ નમઃ શિવાય ગગને ભેદી મંત્રાચારથી કૈલાશમુર્તિનાં ગગનભેદી ખરા સ્વરૂપમાં યાદ અપાવે છે. આ પ્રાચીન મંદિરની વર્ષા પુરાણી કથા છે. કે પાંડવો પાંડવ પરિવાર તિર્થ યાત્રા જ દરમ્યાન વિસામો લેવા રોકાયા તે વેળાએ પાંડવ બંધુ ફળ ફુલ વિણી લાવ્યા પરંતુ માતા કુંતાને શિવની પુજા કર્યા વગરે અન્ન આરોગતા નહી આજુબાજુ શિવાલય તલાશ કરતા બે દિવસ પસાર થયા કોઈ ફળહાર કરાયા નહી.

આમ ત્રીજા દિવસે ભીમ દુરના ઉંડા પાણીમાં સ્નાન માટે જતા હતા નજર દુર પડેલા માટીનાં ઘડા ઉપર પડી વિચારધારાનાં અંત કુંભનાં ઘડાને ઉધો મુકી માટીનું થાળુ બનાવી કુંભ ઉપર પુષ્પ ચઢાવી અને શિવલીંગનું નિર્માણ કરી ઝડપથી માતા કુંતાની પાસે આવીને સર્વોને શિવલીંગ મળ્યાની જાણકારી આ સમયે સૌએ શીવલીંગ પાસે પુ.ભાવથી શિવજી પુજા કર્યા બાદ બધાએ ફળહારી પ્રાપ્તીની તૃપ્તી થતા ભીમને આખી હકીગતનો, ધસ્ફોટ કરવાનાં રમુજ વિચાર આવ્યાં તેણે સૌને જણાવ્યું કે જેને આપણે સૌએ ભાવથી પુજા કરી તે શિવલીંગ ન હતું પરંતુ ઉપર મુકેલા કુંભ ઉપર ફુલો દુર કરી ઉચકીને બતાવયો ત્યારે પાંડવો પરિવાર ખુબ જ નારાજ થયો હતો. પરંતુ તેમજ ચમત્કારી ઘટના બની કું ઉચકવાથી ટચલી આંગળી જેટલું શિવલીંગ પ્રાગટય થતા સૌએ નમસ્કાર કર્યા આમ શ્રદ્ધાથી મહાદેવ શિવજી સ્વરૂપે પ્રગટ થયા સૌ આનંદ વિભોર બની ફરીયાદ સ્વયંપ્રભુ સ્વંયમભુ પ્રભુ ભોળાનાથી પુજા કરી અને ધર્મશ્રાજ યુધિ/ઠીરનાં હસ્તે કુંભનાથ દાદાની પ્રતિષ્ઠાની વીધી કરવામાં આવી કહેવાય છે.

કે જે તે સમયનું જયોતીર્લીંગ તાદુલનાં ઘણા જેટલા વધે છે. અને સમય જતા હાલ મહારૂપ ધોરણ કર્યુ છે. નયનરૂપ પુરાણા અમરાવલીનાં પ્ર શિબંધ જંગલનાં પુત્રો સુધીનાં શિવ પ્રાગટય ચમત્કારી અને ગુંજતુ રહયું છે. આ ચમત્કારી શિવલીંગનાં આવિષ્કાર અનુભવીનાં અમરાવતીનાં વર્ણીક દાનવીર નાગજીભાઈ ચાવડા એ કુંભનાથનું વિશાળ શિવાલય બનાવી તેનાં ચરણે ૩૦૦ વીઘા જમીન અર્પણ કરેલ તેનો લેખને સમયની લીપીમાં આજે પણ મોજુદ છે.

આ ચમત્કારી શિવલીંગનો આવિષ્કાર અનુભવી ના અમરાવતીનાં વણીક દાનવીર નાગજીભાઈ ચાવડાએ ''કુંભનાથ''નું વિશાળ શિવાલય બનાવી તેનાં ચરણે ૩૦૦ વીઘા જમીન અર્પણ કરેલ તેનો લેખને સમયની લીપીમાં આજે પણ મોજુદ છે. આ અમરાવતીનાં પહાડી વિસ્તારમાં ધાખડા શાખનાં કાઠીઓએ રાજુલા ગામનું તોરણ બંધાયું અને આજ સુધી ધાખડા કાઠીએ પણ પરમ શિવાયાગાી રહયા છે.

આજે બારેમાસ અમે શ્રાવણ માસમાં મહાદેવ કુંભનાથનાં જયથી ગુંજી રહયું છે. વંદનીય સંત ફકકડગીરીબાપુ ગૌસ્વામી નારાયણ ગીરી, બેચરગીરી બાપુનાં પરિવાર કુંભનાથ મહાદેવની પુજા અર્ચન કરે છે. મંદીરની બાજુમાં ભીમની આકાર વિશાળ પથ્થર છે. ભીમની બે આંખો છે.

તેમ પણ કહેવાય છે. કુંભનાથ મહાદેવ શ્રાવણમાસ દરમ્યાન શિવાલયનું અંદર આખા શ્રાવણમાસમાં રૂદ્રગણ ગૃપ તરફથી પુજા અર્ચન વગેરે અને બરફનાં શિવલીંગ અને કાર્યક્રમો થાય છે. અને રાજુલાની ધર્મપ્રેમી જનતાએ અમુક સમયે સાક્ષાત નાગદેવતા આવીને બેસી જાય છે.આ ઐતિહાસિક કુંભનાથનાં મંદિરે ઘણીવખત આરતી સમયે, તેમજ કોઈ તહેવારનાં સમયે નાગદેવતા આવી લીંગને ફરતે વીટળાઈ જાય છે. અને તેવી આસ્થારૂપી બાબત બને છે. ગતવર્ષ આજરીતે નાગદેવતા આવીને સાડા પાંચ કલાક સુધી લીંગ, ફરતે વીંટળાઈને દર્શન આપ્યા હતા. જે સાબીત કરે છે. કે આ કુંભનાથ ઐતિહાસિક શીવલીંગ ધર્મપ્રેમી જનતા કેટલી આસ્થા હશે આ કુંભનાથ મંદિર શિવલીંગ અત્યારે જબ્બર સ્વરૂપ છે. દર વર્ષે ચોખા જેટલું વધે છે. તેવું ભકતો કહી રહયા છે. ''કુંભનાથ મહાદેવ''

**તસ્વીર : અહેવાલ**
**હેતલ ભટ્ટ**
**ભાસ્કરભાઈ પી. ભટ્ટ**
**પ્રેસ રીપોર્ટર-રાજુલા.**

# ચમારડીનાં વિધાર્થીએ ચંદ્રયાન-૩ નું ચિત્ર દોર્યુ

બાબરા, તા. ૪

બાબરા તાલુકાનાં ચમારડીમાં કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થી દ્વારા ચંદ્રયાન-૩ ની સફળ લેન્ડિંગ બદલ ખુશી વ્યકત કરી ચંદ્રયાન-૩ નું ચિત્ર દોર્યુ.

બાબરા તાલુકાનાં ચમારડી ગામે રહેતા હરેશ ડાયાભાઈ મકવાણા અહીં બાબરામાં કોલેજના બીજા વરસમાં અભ્યાસ કરે છે.

ત્યારે તેઓએ ચન્દ્રયાન સફળ લેન્ડ બદલ ચિરોડી કલરની મદદથી ચન્દ્રયાન-૩ નું આબેહૂબ રંગોળી બનાવી ખુશી વ્યકત કરી હતી.



# ગાધકડા ગામે આવેલ મોમાઈ આશ્રમની અનોખી દાસ્તાન

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામમાં આઈશ્રી મોમાઈ આશ્રમ આવેલ છે. જેમાં શ્રી શંભુગીરી માનગીરી બાપુ આશ્રમમાં વર્ષોથી રહે છે. નવાઈની વાત એ છે કે બાપુએ ૧૦ વર્ષ પહેલા ખોરાક લેવાનું બંધ કરેલું અને ૪ વર્ષ પહેલા બાપુએ જળ લેવાનું પણ બંધ કરેલું બાપુ માત્રને માત્ર દરરોજ રાત્રે ૧૨ વાગ્યે એક લીટર દૂધ જ પીએ છે.

પહેલા આ આશ્રમમાં સંવત ૧૨૭૫માં સ્થાપના થઈ. જેમાં પુંજા આપાએ કમળ પુંજા ચડાવી હતી. તેઓનાં નામ પરથી આ મંદિરનું નામ કમળ પુંજેશ્વર મહાદેવ મંદિર રાખવામાં આવ્યું છે.

આ આશ્રમમાં શ્રી શંભુગીરી માનગીરી બાપુએ વર્ષ ૨૦૦૨માં શ્રી આઈશ્રી મોમાઈ આશ્રમની સ્થાપના કરી છે. બાપુ દ્વારા આઈશ્રી મોમાઈ શકિત મંડળ ગ્રુપની



સ્થાપના કરવામાં આવી છે. જેમાં કુલ ૭૦૦ સભ્યો છે. નવરાત્રી દરમિયાન આ આશ્રમમાં રાતના ૧૧ વાગ્યા સુધી દીકરીઓ અને ત્યારબાદ દીકરાઓ ગરબે રમે છે. ૩૦ વર્ષ પહેલા બાપુ હાથમાં જુવાર પણ વાવતા હતા જે ખુબ જ નવાઈની વાત છે. બાપુ દ્વારા ગયા વર્ષે ૫૧ દીકરીઓને કન્યાદાન સ્વરૂપે કબાટ અને બેડ આપવામાં આવ્યા હતા. જેમાં હિન્દુ તથા મુસ્લિમ બહેનોનો સમાવેશ થાય છે. ધર્મપ્રેમી જનતાને આ આશ્રમની મુલાકાત લેવા માટે પધારવા બાપુનું જાહેર આમંત્રણ છે. એમ રવિ જોષીએ જણાવ્યું હતું.

### સાવરકુંડલા નજીક આવેલ

# ખડસલી ખાતે ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### મોટી સંખ્યામાં ગ્રાહકો ઉપસ્થિત રહ્યાં

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા તાલુકાના ખડસલી મુકામે શ્રી ખડસલી લોકશાળ ામાં ગ્રાહક જાગૃતિ અભિયાનને વધુ સક્રિય બનાવવા હેતુ ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા ગ્રાહક જાગૃતિ અભિયાનને વધુ સક્રિય બનાવવા અર્થે ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજાયો.

સાવરકુંડલા શહેરનાં ગ્રાહક સુરક્ષાનાં પ્રમુખ રમેશભાઈ હિરાણી, રવિભાઈ મહેતા, બિપીનભાઈ પાંધી તેમજ હર્ષદભાઈ જોશી દ્વારા ગ્રાહકોમાં જાગૃતિ લાવવા માહિતીસભર માર્ગદર્શન આપવામાં આવેલ.

સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાનાં આચાર્ય નાનજીભાઈ મકવાણા દ્વારા મહેમાનોનો સત્કાર કરવામાં આવેલ. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સૂતરની આંટી પહેરાવી કુમકુમ તિલક કરી અને સસ્નેહ આવકાર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગ્રાહકને સ્પર્શતી અનેક બાબતોની માહિતીપ્રદ ચર્ચા કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક ગોવાભાઈ ગાગીયા દ્વારા કરવામાં આવેલ તેમજ આભાર વિધિ અહીનાં વેટરનરી કોલેજનાં



પ્રાધ્યાપક દ્વારા કરવામાં આવેલ. આ તકે શાળાનાં આચાર્ય તથા શિક્ષક ગોવાભાઈ ગાગીયાને પણ ગ્રાહક સુરક્ષામંડળ સાવરકુંડલા દ્વારા તેમની સુંદર શૈક્ષણિક સેવા બદલ બિરદાવી સૂતરની આંટી પહેરાવી સન્માનિત કર્યા હતાં.

કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા સંદર્ભે કોઈ મૂંઝવણ કે સમસ્યા હોય તે અનુસંધાને પ્રશ્નોતરીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળ ાનાં તમામ વિદ્યાર્થીઓએ ખૂબ શાંતિ અને શિસ્ત જાળવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળ ાના તમામ કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી. આમ ગણીએ તો ખડસલી લોકશાળાએ ગાંધીજીનાં વિચારો સાથે બુનિયાદી શિક્ષણ આપતી એક અનોખી સંસ્થા છે. એક વખત અવશ્ય મુલાકાત લેવા જેવી સંસ્થા પૈકીની એક છે.

### જિલ્લા કલેકટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને

# જિલ્લાકક્ષા તમાકુ કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ

અમરેલી તા.૪

જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાની તમાકુ કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ - ૨૦૦૩ હેઠળ કરવામાં આવેલો દંડ અને વસૂલાતનો જુલાઈ - ૨૦૨૩નો માસિક રીપોર્ટ તથા એપ્રિલ-૨૦૨૩ થી જુન-૨૦૨૩ નો સંકલિત રીપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. તમાકુ નિયંત્રણ અધિનિયમ - ૨૦૦૩ હેઠળ નગરપાલિકા દ્વારા વસૂલવામાં આવેલો દંડ એપ્રિલ - ૨૦૨૩થી જુલાઈ - ૨૦૨૩નો સંકલિત રીપોર્ટ પણ રજૂ કરવામાં આવ્યો હતો. તમાકુ નિયંત્રણ અધિનિયમ - ૨૦૦૩ હેઠળ એપ્રિલ - ૨૦૨૩ થી જુન - ૨૦૨૩ દરમિયાન જિલ્લા સ્કવોડ, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગ, વાહનવ્યવહાર વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન વિભાગ, નગરપાલિકાઓ દ્વારા કુલ મળીને ૫૬૬ કેસ દાખલ કરવામાં આવ્યા હતા.રૂા.૭૯૯૧૫ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જુલાઈ - ૨૦૨૩માં કુલ ૪૨ કેસ દાખલ કરવામાં આવ્યા હતા અને રૂા.૪૧૪૦ દંડ વસૂલવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટર દહિયાએ તમામ નગરપાલિકાઓને નિયમિત દંડનીય કામગીરી કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ વિષયક વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી,જોષી, તમામ તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર, નગરપાલિકા ચીફ ઓફિસરઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : દીપક હાઈસ્કૂલ ખાતે ટેક-દીપક સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા. ૪

વિદ્યાર્થી નાની ઉંમરથી સેલ્ફ આજનાં ટેક્લોજીનાં યુગમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકે અને પોતાનાં અનુવોથી રાષ્ટ્રનાં નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે તેવા ઉમદા હેતુથી દીપક હાઈસ્કૂલ, અમરેલીમાં અટલ ટીંકરીંગ લેબ દ્વારા શાળા કક્ષાએ વિજ્ઞાનમેળાનું ટેક દીપક કોમ્પિટીશન - ૨૦૨૩ ની થીમ હેઠળ શનિવારે સ્પર્ધાનું આયોજન થયેલું.

આ સ્પર્ધામાં મુખ્યત્વે ૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખુબ જ ઉત્સાહ, આવડત અને મહેનતનો સમન્વય સાધી ઉત્કૃષ્ટ નવતર ૬૦ કૃતિઓ બનાવી અને તેની સમજૂતી આપી હતી.

આ સ્પર્ધાનું ઉદ્ઘાટન સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી કાચા, ટ્રસ્ટી રજનીભાઈ મહેતા, દીપક હાઈસ્કૂલનાં આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલ.

આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થી નાની ઉંમરે જ વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં અભ્યાસમાં રસ લેતો થાય અને તેની વૈજ્ઞાનિક પ્રતિભાને પ્રોત્સાહન મળે, દેશને જરૂરી જટિલ સંશાધન પૂરું પાડવામાં મદદરૂપ થાય તે હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાનાં અટલ ટીંકરીંગ લેબનાં ટેકનીકલ હેડ કૌશિકભાઈ ત્રિવેદી, ઈલેકટ્રોનિકસ એન્ડ હાર્ડવેર ટ્રેડનાં વોકેશનલ ટ્રેનર વિશાલભાઈ પંડયા અને શિક્ષક મિત્રોએ જહેમત ઉઠાવેલ. તેમ આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાયની યાદી જણાવે છે.


### સાવરકુંડલાનાં શહેરીજનો માટે

# જનતાબાગમાં વોકીંગ અને જીમનાં સાધનોનું ધારાસભ્યનાં હસ્તે લોકાર્પણ

## દરરોજ શહેરીજનો ગાર્ડનનો લાભ લઈ રહ્યાં છે

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા નગરપાલિકા સંચાલિત મહુવા રોડ પર આવેલા પંડિત દીનદયાળ ઉપવન ખાતે તમામ નાગરિકો માટે પ્રવેશ નિઃશુલ્ક કરવામાં આવે તેવું શહેરનાં નાગરિકો ઈચ્છી રહ્યા છે. ખરાં અર્થમાં વૈષ્ણવજનની ભાવના કેળવાય એ પણ જરૂરી છે. આ સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલા પંડિત દીનદયાળ ઉપવનમાં પ્રવેશ માટે રૂપિયા પાંચ પ્રવેશ શુલ્ક ચૂકવવી પડે છે. જે શહેરમાં આરોગ્ય ક્ષેત્રે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર જેવી હોસ્પિટલમાં તમામ સારવાર દવા ભોજન નિઃશુલ્ક ઉપલબ્ધ હોય એવા શહેરમાં નાગરિકોએ નગરપાલિકા સંચાલિત પંડિત દિનદયાળ ઉપવન (જનતાબાગ)માં પ્રવેશ કરવા માટે રૂપિયા પાંચ પ્રવેશ ફી ચૂકવવી પડે છે એ વાત પણ ખરેખર કરૂણાજનક ગણાય. સામાન્ય રીતે ગુજરાતનાં મોટાભાગનાં શહેરોમાં બગીચામાં પ્રવેશ માટે કોઈ પ્રવેશ ફી લેવામાં આવતી નથી એવું સાંભળવા મળે છે. પરંતુ સાવરકુંડલા શહેરમાં આ પંડિત દીનદયાળ ઉપવન અર્થાત્ જનતા બાગમાં પ્રવેશ માટે કર એટલે કે પ્રવેશ ફી ચૂકવવી પડે છે. તેથી ગરીબ વર્ગના લોકો આ બગીચાનો લાભ લઈ શક્તા



નથી. સાવરકુંડલા નગરપાલિકા આ અંગે કશું માનવતાવાદી વલણ અખત્યાર કરીને આ બગીચામાં પ્રવેશ કરવા માટે પ્રવેશ શુલ્ક નાબૂદ કરે તો છેવાડાનાં શ્રમિક અને ગરીબ વર્ગનાં લોકો પણ આ બગીચામાં પ્રવેશ કરી પોતાની માનસિક થાક દૂર કરી શકે. માત્ર જરૂર છે સંવેદનાની. જો તંત્ર પણ ગરીબો પ્રત્યે કુણું વલણ દાખવી પંડિત દીનદયાળ ઉપવનમાં પ્રવેશ નિઃશુલ્ક કરે તો ગરીબ વર્ગના લોકો પણ આ જનતા બાગ ખાતે પ્રવેશી આનંદ માણી શકે. સાવરકુંડલા ધારાસભ્ય આ સંદર્ભે અંગત રસ લઈને આ સંદર્ભે યોગ્ય કરે એવું ગરીબ અને શ્રમજીવી વર્ગ ઈચ્છી રહ્યો છે.

## સાવરકુંડલા શોરાવાડી સોસાયટીનાં પ્રમુખની વરણી : હવે પ્રમુખ તરીકેનો પદભાર બળવંતભાઈ મહેતા સંભાળશે



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેરમાં આવેલ શોરાવાડી સોસાયટી દ્વારા સોસાયટીના રહીશોની જનરલ મીટીંગ ૩/૯/૨૩ના રોજ રાત્રે ૯ કલાકે કેશરીનંદન હનુમાનજીના મંદિર ખાતે મળેલ. જેમાં સોસાયટીના વિકાસ માટે ચર્ચા કરવામાં આવેલ. છેલ્લા ચાર વર્ષથી કોઈ પ્રમુખ નથી. તેથી સર્વાનુમતે સોસાયટીના રહીશ બળવંતભાઈ મહેતાને પ્રમુખ બનાવવા માટે સહમતી આપેલ. તેમજ પ્રકાશભાઈ મૈસુરીયાને ઉપપ્રમુખ બનાવવામા આવેલ. આ ઉપરાંત શોરાવાડી સોસાયટીની કારોબારીમાં ડુંગરશીભાઈ ટાંક, ધર્મેન્દ્રભાઈ ધકાણ, જીતેન્દ્રભાઈ રાઠોડ, જીતુભાઈ રૂપાવટીયા, મુકેશભાઈ રૂપારેલિયા, દિલીપભાઈ સોડિગલા, વસંતભાઈ મકવાણા, અશોકભાઈ અગ્રાવત અને રજનીભાઈ શેલારને લેવામાં આવેલ.

ઉપરોકત દરેક સોસાયટીના આગેવાનને ખુબ ખુબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવેલ.

### બાબરા ચેમ્બર્સ દ્વારા રજૂઆત

# બાબરા મામલતદાર કચેરી પણ ઈન્ચાર્જ મામલતદારથી ચાલે છે

## કચેરીમાં ખાલી પડેલ જગ્યાઓ બાબતે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી

બાબરા, તા. ૪

બાબરામાં મામલતદાર કચેરીમાં મામલતદાર સહિતની જગ્યાઓ ખાલી રહેતા ઈન્ચાર્જથી ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. જેના કારણે ઘણીબધી વહીવટી મુશ્કેલીઓ અને લોકોને કામ કરવામાં અડચણો ઉભી થઈ રહી છે. ત્યારે બાબરા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મુનાભાઈ મલકાણ દ્વારા રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી કે અહીં બાબરા સહિત ૫૭ જેટલા ગામનાં લોકો વહીવટી કાર્ય માટે મામલતદાર કચેરીમાં આવતા હોય છે પણ મામલતદારની જગ્યા નાયબ મામલતદારનાં ચાર્જમાં ચાલે તો લોકોને કામ ઝડપી અને સરળ કેવી રીતે બની શકે. અમરેલી જીલ્લાનાં બાબરા મામલતદાર કચેરીમાં ઘણા સમયથી મામલતદાર તેમજ નાયબ મામલતદાર તેમજ કારકુન વિગેરેની જગ્યાઓ ખાલી પડવાથી ચાર્જના અધિકારીઓ



દ્વારા વહિવટી કામો હાથ ધરવામાં આવે છે. બાબરા તાલુકો ૫૮ ગામોનો તાલુકો આવેલ છે. બાબરા તાલુકાનાં ખેડૂત ભાઈઓ તેમજ અન્ય લોકોને સરકારી કામ અર્થે બાબરા મામલતદાર કચેરીમાં આવવાનું થતુ હોય અને હાલ બાબરા મામલતદાર કચેરીમાં લાંબા સમયથી અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓનાં કારણે ખેડૂત ભાઈઓને તેમજ અન્ય લોકોના અગત્યનાં કામકાજોમાં વિલંબ થતો હોય ખેડૂત ભાઈઓનાં તેમજ અન્ય લોકોનાં કામો સમયસર થવા અત્યંત જરૂરી હોય છે. પરંતુ કચેરીમાં અધિકારીઓની જગ્યા કર્મચારીઓની જગ્યાઓ ખાલી હોવાને કારણે સમયસર કામો થતા નથી. જેથી લોકોને કચેરીમાં ધકકાઓ ખાવા પડે છે અને લોકો હેરાન થઈ રહ્યાં છે. અમરેલી જીલ્લાની અનેક મામલતદાર કચેરીઓમાં અધિકારીઓ તેમજ કર્મચારીઓની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવાથી આમ જનતાનાં કામો થતા નથી તાલુકાની કચેરીઓની ખાલી પડેલ જગ્યાઓના લીધે વહિવટી કામગીરી પણ સમયસર થતી નથી. જેથી જે તે અધિકારીઓની તેમજ કર્મચારીઓની જગ્યાઓ ભરવામાં આવે તો લોકો અને ખેડુતોને પરેશાનીનો સામનો કરવો ન પડે અને લોકોના અને ખેડુતોનાં કામો અધિકારીઓનાં હિસાબે વિલંબ થઈ રહ્યાં છે. તે ન થાય જેથી તાલુકાની કચેરીમાં તેમજ જીલ્લાની કચેરીમાં ખાલી પડેલ જગ્યાઓ તાત્કાલીક ભરવામાં આવે તેવી અમારી માંગણી છે.

### પાના ૮ ઉપરનું ચાલું એભલવડ ગામે જાહેરમાં

સાવરકુંડલા વિભાગ, સાવરકુંડલાનાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય. નાગેશ્રી પોલીસ સબ ઈન્સ્પેકટર પી.વી. પલાસ તથા નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા તા.૪ ના શરૂ રાત્રીના બાતમી હકીકત આધારે એભલવડ ગામે રહેતા મંગાભાઈ ભીખાભાઈ ચાવડા સહિત ૧૦ ઈસમોને જાહેર જગ્યામાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૨૧,૩૧૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડી જુગાર ધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું રાભડા ગામેથી હાથ બનાવટની

તરફ જવાના રોડ તરફ રામતલા નદીના પુલ ઉપર તાલાળા તાલુકાનાં પાણીકોઠા ગામે રહેતો મુસાભાઈ દાદુભાઈ મોરી ગેરકાયદેસર એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) પોતાનાં કબ્જામાં રાખેલ છે અને તે કોઈ ગુન્હો કરવાની પેરવીમાં હોય જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઈડ કરતા એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે તે ઈસમને ઝડપી પાડેલ છે.

# ડો. હેડગેવાર સેવા સમિતિ સા.કુંડલા દ્વારા કબડ્ડી ટુર્નામેન્ટ સંપન્ન

સાવરકુંડલા, તા. ૪

તા. ૩/૯/૨૦૨૩ રવિવારનાં રોજ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા સાવરકુંડલા નગર કબડ્ડી ટુર્નામેન્ટનું સંસ્કાર વિદ્યાલય સાવરકુંડલા ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૧૧ ટીમે ભાગ લીધેલ હતો. જેમાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓની કબડ્ડી ટીમ A પ્રથમ વિજેતા ટીમ તથા રનર્સ–અપ કબડ્ડી ટીમ B દ્વિતીય ક્રમમાં આવેલી હતી. જેમાં વિશેષ ઉપસ્થિતિ પ્રિ.ડો.એસ.સી.રવિયા અને કોલેજના સ્પોર્ટસ ટીચર એજાજભાઈ કાજીની રહેલ. જેની હર્ષની લાગણી વ્યકત કરતા તારીખ ૪–૯–૨૦૨૩ સોમવારનાં રોજ કોલેજમાં વિજેતા ખેલાડીઓનો અભિવાદન કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં પ્રિ. ડો.એસ.સી. રવિયા પ્રાસંગિક ઉદ્બોધન સાથે સમગ્ર સ્પર્ધાનો વિજયનો શ્રેય સ્પોર્ટસ ટીચર એજાજભાઈ કાજીને આપ્યો હતો અને કોલેજનાં કબડ્ડીના ખેલાડીઓને બિરદાવ્યા હતા અને જિલ્લા કક્ષાએ અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કક્ષાએ પણ માતસંસ્થાનું ગૌરવ વધારે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. અધ્યાપક મંડળ દ્વારા ખેલાડીઓને સમૂહ ભોજન કરાવવામાં આવેલ અને સહવિશેષ પ્રોત્સાહિત કરેલ.એમ પાર્થ



ગેડીયાની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### પાના ૧ ઉપરનું ચાલું ભાજપ શાસિત અમરેલી નગરપાલિકામાં

અર્થે રૂા. ૪૦ કરોડનાં રોડ સહિતનાં કામો કરવામાં આવેલ હતા. વાવાઝોડાએ વેરેલ વિનાશ બાદ શહેરમાં ફરી હરીયાળી છવાય જાય તે અર્થે પાંચ હજાર વૃષો વાવવામાં આવેલ હતા. રૂા. દશ કરોડનાં ખર્ચે ઓજી વિસ્તારનાં લોકોને પીવાનાં પાણીની સુવિધા અર્થે હિરકબાગમાં નવો સંપ બનાવી નવી પાઈપલાઈનો ફીટ કરાવમાં આવશે. દર્દીનારાયણની સેવા અર્થે નગરપાલિકા અને સારહિ યુથ કલબનાંસહયોગથી નાગનાથ બસ સ્ટેશન ખાતે ૫૦ ટકાના રાહતદરે લેબોરેટરી કાર્યરત કરવામાં આવેલ છે. લાઠી રોડ ઉપર શ્રી વિર હમીરસિંહજી સર્કલ ખાતે રૂા. ૭૦ લાખનાં ખર્ચે બ્યુટી ફિકેશનની કામગીરી હાથ ધરાયેલ છે. શહેરનાં રાજમાર્ગો ઉપર ડિવાઈડર, બ્યુટીફિકેશન તેમજ શહેરમાં નવી સ્ટ્રીટ લાઈટ ફિટ કરવા સહિતની કામગીરી કરવામાં આવેલ છે. નગર શિક્ષણ સમિતિ ધ્વારા રાજયભરમાં નોંધપાત્ર અંગ્રેજી સ્કૂલ શરૂ કરવામાં આવેલ છે. લકોોની સુવિધા અર્થે જેશીંગપરામાં સીવીક સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં જન્માષ્ટમી પ્રસંગે

મંદિરો સેવાકીય સંસ્થાઓ જેમાં લગભગ ૫૦ ફલોટ અને સાથે લશ્કરનાં આપણા સૈનિકો પણ ઘોડેસવારી સાથે આ શોભાયાત્રામાં જોડાશે. આ શોભાયાત્રા સવારે ૮ કલાકે સરદાર ચોક રામેશ્વર મંદિરથી પ્રસ્થાન કરી હીરા મોતી ચોક, બી.એમ. ચોક, અને રાજકમલ ચોક થઈ ટાવર બજારથી કાશમીરા ચોક થઈ નાગનાથ મંદિરેથી સિનિયર સિટીઝન પાર્ક ફોરવર્ડ સર્કલે સમાપન થશે. ત્યારબાદ રાત્રિનાં નવ કલાકે કાનવેશભૂષાનો કાર્યક્રમ રાખવામાં આવેલો છે. તેમાં પણ હિન્દુ ભાઈઓનાં બાળકોને જોડાવા ખાસ આમંત્રણ છે. ત્યારબાદ રાત્રે ૧૦:૩૦ કલાકે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં સ્થાપક ડોકટર પ્રવીણભાઈ તોગડીયાનાં સ્વમુખેથી સંતો, મહંતોની ઉપસ્થિતિમાં અને પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા, પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ આ મહાનુભાવોનાં નેતૃત્વમાં ભવ્ય ધર્મસભાનું આયોજન કરેલ છે. રાત્રે ૧૨:૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ભવ્યતાથી ઉજવવામાં આવશે તો શહેરની તમામ ધર્મપ્રેમી જનતાએ આ ત્રિ દિવસ કાર્યક્રમમાં પધારવા અને દર્શનનો લાભ લેવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવે છે. તેમ જિલ્લા અધ્યક્ષ ડોકટર દેસાણી અને જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવવામાં આવેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું બગસરા શરાફી મંડળીની આઠમી શાખાનો

મુખ્ય દંડક બાલકૃષ્ણભાઈ શુકલ વડોદરા ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ શાહ, વડોદરાના મેયર નિલેશભાઈ રાઠોડ, કેતનભાઈ દેસાઈ ધારાસભ્ય અકોટા, યોગેશભાઈ પટેલ ધારાસભ્ય માજલપુર, કેયુરભાઈ રોકડિયા ધારાસભ્ય સયાજીગઢ, મનિષાબેન વકીલ ધારાસભ્ય વાડી, કેતનભાઈ ઈમાનદાર ધારાસભ્ય સાવલી, ચેતન્યસિંહ ઝાલા ધારાસભ્ય પાદરા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા ધારાસભ્ય વાઘોડિયા, અક્ષણભાઈ પટેલ ધારાસભ્ય કરઝણ, શૈલેષભાઈ મહેતા ધારાસભ્ય ડભોઈ, કંચનબેન રાદડિયા ધારાસભ્ય ઠક્કરબાપાનગર, કિરીટભાઈ પટેલ ધારાસભ્ય પાટણ, જે.વી. કાકડિયા ધારાસભ્ય ધારી–બગસરા, અનિભાઈ સાવલિયા ચેરમેન અમર ડેરી, શરદભાઈ લાખાણી પૂર્વ પ્રમુખ અમરેલી જિલ્લા ભાજપ, અનિભાઈ પેથાણી કોર્પોરેટર અમદાવાદ સહિતના વડોદરાના ભાજપના આગેવાનો, વડોદરા મહાનગરપાલિકાના કોર્પોરેટરો, વિવિધ સમાજના આગેવાનો, સામાજિક આગેવાનો, અગ્રણીઓ, બિલ્ડરો સહિતના વિશાલ સંખ્યામાં હાજર રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જનરલ એમડી નિતેશભાઈ ડોડીયા, પૂર્વ ગ્રુપના મનોજભાઈ પટેલ, બોરડ દ્વારા કરવામાં આવેલ તેમ જનરલ સેક્રેટરી ડી.જી. મહેતાની યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલામાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની સ્મૃતિમાં નેત્ર કેમ્પ યોજાયો

## ૯૩ દર્દીઓને તપાસી ૮ જેટલા દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન

સાવરકુંડલા, તા. ૪

શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા દ્વારા નેત્રયજ્ઞમાં મોતિયાનાં દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી તા– ૧/૯ નાં રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૧૯ માં નેત્રકેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિરનગર હોસ્પિટલનાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૯૩ જેટલા મોતિયાનાં દર્દીઓની તપાસ કરવામાં આવી. જેમાંથી કુલ ૮ જેટલા દર્દીઓને મોતિયાનાં ઓપરેશનની જરૂર હતી. એમને સંસ્થા દ્વારા વીરનગર લઈ જઈ વિનામૂલ્યે ઓપરેશન તેમજ સારવાર આપવામાં આવી. અને જે દર્દીઓને ચશ્મા અથવા દવાઓની જરૂર હતી એમને વિનામૂલ્યે સંસ્થા દ્વારા ચશ્મા તેમજ દવાઓ પૂરી



પાડવામાં આવેલ. સમ્રગ વિનામૂલ્યે નેત્રકેમ્પનું આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા દ્વારા દર માસના પ્રથમ શુક્રવારે કરવામાં આવે છે જેમાં ૩૧૯ માં આ નેત્રકેમ્પના યજમાન સ્વ. શાંતાબેન જીવણલાલ લાખાણી હ. ચંદ્રકાંત જે લાખાણી. મુંબઈ નિવાસી રહ્યા હતા. નેત્રયજ્ઞનું આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાનાં વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીનાં માર્ગદર્શન હેઠળ સંસ્થાનાં કોઠારી સ્વામી શ્રી અક્ષર મુકત સ્વામી દ્વારા તૈયાર કરવામાં આવેલ.

### મહિલા અને બાળ અધિકારીએ જણાવ્યું

# વ્હાલી દીકરી યોજનાનાં લાભાર્થીઓ આયુષ્યમાન ભારત કાર્ડ કઢાવવા વિશેષ કેમ્પ યોજાશે

## યોજના અન્વયે રૂા. ૧.૧૦ લાખની સહાય ચુકવવામાં આવે છે

અમરેલી, તા. ૪

ગુજરાત સરકારનાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત વ્હાલી દીકરી યોજના અમલમાં ાાછો. આ યોજના અન્વયે લાભાર્થી દીકરીને ૧૮ વર્ષ પુર્ણ થાય ત્યાં સંધી તબક્કાવાર રૂા.૧,૧૦,૦૦૦ ની સહાય ચુકવવામાં આવે ે. જે દીકરીઓને મંજુરી હુકમ મળ્યા છે. તે તમામ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્માન ભારત કાર્ડ કઢાવવા માટેનો વિશેષ કેમ્પ યોજાશે. હાલ અમરેલી જિલ્લામાં વ્હાલી દીકરી યોજનાનાં કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૦,૧૬૯ છે. આ તમામ લાભાર્થીઓનાં વાલીઓને તેમની દીકરીનું આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે અરજદારે પોતાનું તથા દીકરીનું આધારકાર્ડ, રેશનકાર્ડ, આવકનો દાખલો અને દીકરીનાં જન્મનો દાખલા સહિતનાં દસ્તાવેજો સાથે નજીકનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અથવા ગ્રામ પંચાયત વી.સી.ઈ.નો તાત્કાલિક સંપર્ક કરી આયુષ્યમાન કાર્ડ કઢાવી લેવા અને કોઈ મુશ્કેલી જણાય તો મહિલા અને બાળ કચેરી નં.૦૨૭૯૨–૨૨૬૧૭૭, ૯૧૦૬૩ ૫૧૩૬૫, ૯૨૨૭૮ ૯૮૯૧૧ પર સંપર્ક કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પાના ૮ ઉપરનું ચાલું પિપાવાવ મરીન પોલીસનાં ગુનામાં

કલમ ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટ કલમ ૧૮ મુજબના ગુનાનો આરોપી ચેતન જેરામભાઈ સોલંકી, રહે. કથીવદરપરા, તા.રાજુલા, હાલ રહે. જાળીયા, તા.ધંધુકાવાળા છેલ્લા એક વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર આરોપીનું કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટ ઈસ્યુ થયેલ હોય, મજકુર લીસ્ટેડ આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે તા.૩ નાં રોજ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના જાળીયા ગામેથી ભોગ બનનાર તરૂણી સાથે પકડી પાડવામાં આવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૪૫ |
| ૨ | શીંગ નવી | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૩ | શીંગ દાણા | – | ૧૯૦૧ |
| ૪ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૨૫૦ |
| ૫ | તલ કાળા | – | ૩૨૪૦ |
| ૬ | જીરૂ | – | ૧૧૦૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૧ | ૧૬૪૧ |
| ૮ | કપાસ નવો | ૧૩૫૧ | ૧૫૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૬૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૬૦ |
| ૧૧ | બાજરો | ૩૦૦ | ૩૬૨ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૯૪૦ |
| ૧૩ | મગ | – | ૧૭૦૦ |
| ૧૪ | અડદ | ૧૬૦૦ | ૧૮૧૫ |
| ૧૫ | ચણા | ૧૧૪૦ | ૧૨૩૫ |
| ૧૬ | તુવેર | ૧૫૦૦ | ૧૯૬૧ |
| ૧૭ | મેથી | ૧૧૦૦ | ૧૩૩૬ |
| ૧૮ | ચોળી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ૧૯ | સોયાબીન | ૯૦૦ | ૯૧૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૫ |
| ૨ | ચણા | ૬૯૫ | ૧૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૯૫ | ૩૧૧૮ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૫ | સોયા | ૯૩૨ | ૯૪૩ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૮ | ૪૯૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૧૮ |
| ૮ | મગફળી | ૧૨૫૧ | ૧૨૮૦ |
| ૯ | ધાણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૧૦ | મગ | ૧૫૭૦ | ૨૧૧૧ |
| ૧૧ | તુવેર | ૧૮૮૧ | ૧૮૮૧ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૧૩ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૧૯૦ | ૧૧૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૩૦ | ૨૮૩૦ |
| ૩ | કપાસ | ૧૫૨૫ | ૧૬૨૧ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૪૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૦ |
| ૬ | જુવાર | ૮૪૧ | ૧૧૧૧ |
| ૭ | તુવેર | ૧૨૦૧ | ૨૧૫૦ |
| ૮ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૧ |
| ૯ | ધાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૦ | મેથી | ૯૫૧ | ૯૫૧ |
| ૧૧ | સોયાબીન | ૯૩૧ | ૯૩૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૫ | ૧૬૦૦ |
| ૨ | બાજરો | ૪૧૧ | ૪૧૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૨૮ | ૧૬૭૨ |
| ૨ | મગ | ૧૨૯૦ | ૧૯૦૦ |
| ૩ | ઘઉં | ૪૧૫ | ૫૨૫ |
| ૪ | ચણા | ૮૯૫ | ૧૦૮૫ |

## લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા આયોજીત

# અમરેલીમાં લોકમેળાનો દિલીપ સંઘાણીના હસ્તે પ્રારંભ

**ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ લાયન્સની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી**

**વાઈસ ડિસ્ટ્રિક્ટ ગર્વનર રમેશભાઈ રૂપાલા દ્વારા લાયન્સ ધ્વજારોહણ કરવામાં આવ્યું**

**મુકેશભાઈ સંઘાણી, અભયભાઈ શાહ, વસંતભાઈ મોવલીયાએ મેળાને શુભેચ્છા**

**ભાજપ-કોંગ્રેસના આગેવાનો દ્વારા લાયન્સ કલબની કામગીરીને બિરદાવી**









અમરેલી, તા. ૪

શ્રાવણ માસમાં જન્માષ્ટમીના પવિત્ર પર્વ પર દર વર્ષે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા લાયન્સ લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા સ્પોન્સર મજેદાર મસાલા ભવ્ય સાંસ્કૃતિક જન્માષ્ટમી લાયન્સ લોકમેળા-૨૦૨૩નું આયોજન નૂતન હાઈસ્કૂલના મેદાનમાં કરવામાં આવેલ છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૦૨-૦૯-૨૦૨૩ ને શનિવારે આયોજીત કરવામાં આવેલ હતો. સમારોહના પ્રારંભે લાયન અનિભાઈ ડોડીયા દ્વારા લાયન્સ ધ્વજવંદના કરવામાં આવેલ. પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયાએ શાબ્દિક ઉદ્‌બોધન કરી મહેમાનોનું સ્વાગત કરેલ હતું.

ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ દીપ પ્રાગટ્ય કરી લોકમેળાને જાહેર જનતા માટે ખુલ્લો મુકેલ હતો અને સામાજિક સમરસતા અને મનોરંજન માટે યોજાયેલ આ લાયન્સ મેળાને શુભેચ્છા પાઠવી હતી. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૨૩૨-જે ના પ્રથમ વાઈસ ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન રમેશભાઈ રૂપાલા દ્વારા લાયન્સ ધ્વજારોહણ કરેલ.

રિજીયન ચેરપર્સન લાયન મયંકભાઈ ગોસાઈ, સારહિ યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૨૩૨-જે ના દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન અજયભાઈ શાહ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી તહેવાર અને ભકિતપ્રધાન આપણી સામાજિક સંસ્કૃતિમાં લોકમેળાના આયોજન એ વિવિધતામાં એકતાનું પ્રતિબિંબ પ્રદર્શિત કરે છે. લોકમેળાએ લોકજીવનની પરંપરાનું અભિન્ન અંગ છે, જેમાં આનંદ અને નવીનતાનો અનુભવ કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.

અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રેખાબેન મોવલીયા, લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૨૩૨- જે ના પૂર્વ ડિસ્ટ્રિકટ ગવર્નર લાયન વસંતભાઈ મોવલીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરપર્શન શ્રીમતી કંચનબેન જીતુભાઈ ડેર, ગોપાલ ફુડ્‌સ મજેદાર મસાલાના એમ.ડી. સંજયભાઈ વણઝારા, ડેપ્યુટી ડિસ્ટ્રિકટ કેબિનેટ લાયન કાંતિભાઈ વઘાસિયા, અમરેલી નગર સેવા સદનના કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઈ શેખવા, લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ- અમરેલીના પ્રમુખ દિનેશભાઈ ભુવા, પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ શરદભાઈ ધાનાણી, એકિઝકયુટિવ પી.આર.ઓ. લાયન પરેશભાઈ કાનપરિયા, માઈક્રો કેબિનેટ ઓફિસર લાયન જયેશભાઈ પંડયા, લાયન જીતુભાઈ ડેર, લાયન્સ કલબ ઓફ મોરબીના પ્રમુખ કેશુભાઈ દેત્રોજા, લાયન્સ કલબ અમરેલી (રોયલ)ના પ્રમુખ દિવ્યેશભાઈ વેકરીયા, મહેન્દ્રભાઈ જાડેજા, ભગીરથભાઈ ત્રિવેદી, તુષારભાઈ જોષી, સિવિલ હોસ્પિટલ અમરેલીના નિવૃત્ત રેસીડેન્સીયલ મેડિકલ ઓફિસર ડો. એચ.કે. ગોંડલીયા, મનસુખભાઈ રૈયાણી વગેરે ઉપસ્થિત રહી જન્માષ્ટમી લાયન્સ લોકમેળા-૨૦૨૩ને શુભેચ્છાઓ પાઠવી સફળતા ઈચ્છી હતી. અંતમાં આભારવિધિ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી લાયન ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા કરવામાં આવેલ. સમારોહનું સંચાલન લાયન રાજેશભાઈ માંગરોળીયા દ્વારા કરવામાં આવેલ.

આ લાયન્સ લોકમેળાને સફળ બનાવવા લાયન પરેશભાઈ આચાર્ય, લાયન એમ. એમ. પટેલ, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન અનિભાઈ સંપટ, લાયન ભગવાનભાઈ કાબરીયા, લાયન ભુપતભાઈ ભુવા, લાયન નરેશભાઈ જોગાણી, લાયન સાહસ ઉપાપ્રયાય, લાયન જીતુભાઈ પાથર, લાયન રમેશભાઈ ગોલ, લાયન મુસ્તુફા આફ્રિકાવાલા, લાયન મહેશભાઈ એમ. પટેલ, લાયન રિધેશભાઈ નાકરાણી, લાયન ડો.વિરલભાઈ ગોયાણી, લાયન ભદ્રશસિંહ પરમાર, લાયન નીતિનભાઈ રાજપરા, લાયન પ્રવિણભાઈ રાઠોડ, લાયન નૈનેશભાઈ સિંધવડ વગેરેએ જહેમત ઉઠાવી હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ની યાદી જણાવે છે.

### સાવરકુંડલા ગામે

## પીર સૈયદ ગુલામઅલી બાપુ કાદરી ફાતમીનો ઉર્ષ મુબારક બુધવારે શાનો શોકતથી ઉજવાશે

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા ખાતે પીર સૈયદ દાદાબાપુ કાદરીના વાલીદ પીર સૈયદ ગુલામઅલી બાપુ કાદરી ફાતમીનો ઉર્ષ મુબારક તા. ૬/૯/૨૦૨૩ને બુધવારના રોજ શાનો શોકતથી ઉજવાશે. કોમી એકતાના પ્રતિક અને દરેક વ્યકિતના દીલમાં અનેરૂ સ્થાન ધરાવતા પીર સૈયદ દાદાબાપુ કાદરીના વાલીદ પીર સૈયદ ગુલામઅલી બાપુ કાદરી ફાતમીનો ઉર્ષ ચાર વર્ષ બાદ વિવિધ પ્રોગ્રામ સાથે ઉજવવામાં આવશે. જેમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી કુર્આન ખ્વાની, દુરૂદખ્વાની, કુલ શરીફ ત્યારબાદ બચ્ચાઓ તેમજ હાજરીને મજલીસ માટે ન્યાઝનો પ્રોગ્રામ રાખેલ છે. અને આ નુરાની પ્રોગ્રામમાં પીરે તરીકત અહમદશાહ બાવા(ધોરાજી), સૈયદ અમીનુલ કાદરી સાહેબ- માલેગાવ (મહારાષ્ટ્ર) તેમજ પીરે તરીકત સૈયદ મહમુદ અશરફ અશરફી જીલ્લાની કિચ્છોછા શરીફ (યુ.પી.) પોતાની મીઠી જબાનમાં તકરીર ફરમાવશે અને મુબારકપુર (યુ.પી.) થી તશરીફ લાવી રહેલા મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી (દીની સવાલ-જવાબ) તેમજ રીઝવાન નાઅત શરીફ સંભળાવશે. આ ઉર્ષ મુબારકની સાથે સાથે વિવિધ પ્રોગ્રામ પણ રાખવામાં આવેલ છે. જેમાં ઈશાની નમાઝ બાદ રાત્રે હાફિઝો તથા કારીઓનો દસ્તારબંદી, નાઅત ખ્વાની, ઈસ્લાહી બયાનાત, ૨૦૨૩માં હજ પઢ ી આવનાર હાજી સાહેબોનું સન્માન, ફૈઝે મુહંમદી એજયુકેશનલ વેલ્ફેર એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-સાવરકુંડલા દ્વારા સંચાલિત ૨૬૦ મસાઓના બાળકો વચ્ચે ૬ વિષયમાં ૨૦૨૨ અને ૨૦૨૩ બન્ને વર્ષમાં થયેલ હરીફાઈમાં પહેલો, બીજો અને ત્રીજો નંબર મેળવનાર દીકરાઓને તથા તેમના ઉસ્તાદોને પ્રોત્સાહિત ઈનામ અને એવોર્ડ આપવામાં આવશે. તેમજ સમગ્ર ગુજરાતના બધાજ સુન્ની દારૂલ ઉલૂમમાં તાલીમ લેતા હાફીઝ સાહેબો તથા કારી સાહેબો વચ્ચે ૨૦૨૨ અને ૨૦૨૩ બન્ને વર્ષમાં થયેલ હરિફાઈમાં પહેલો, બીજો અને ત્રીજો નંબર પ્રાપ્ત કરનાર હાફિઝ તથા કારી સાહેબને પ્રોત્સાહીત ઈનામ અને એવોર્ડ આપવામાં આવશે અને ધોરણ ૧૦ અને ૧૨ માં વધુ ટકાવારી લાવનાર ૧૨ સૌરાષ્ટ્ર-કચ્છની શ્રેષ્ઠ લઘુમતી શાળ ાઓને ઓવોર્ડ તેમજ ધોરણ ૧૦ અને ૧૨માં સારા નંબરે આવનાર વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવશે. તેમજ મુસ્લીમ સમાજમાં ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરેલ જેવા કે, ડોકટર, એન્જીનીયર, સી.એ. જેવા તમામને વિશિષ્ટ એવોર્ડ એનાયત કરવમાં આવશે. આવી જ રીતે ઔરતો માટે પણ સન્માન અને ઈનામ વિતરણનો કાર્યકમ રાખવામાં આવેલ છે. ઔરતો માટેનો તમામ કાર્યકમ તા. ૬/૯/૨૦૨૩ને બુધવારનાં રોજ બપોરે ૨:૦૦ વાગ્યે થી અસરની નમાઝ સુધી એસ.એમ.જી.કે. સંકુલમાં રાખેલ છે. આ ઔરતોના કાર્યક્રમમાં મર્દોને આવવાની સખ્ત મનાઈ છે. અને મર્દાના કાર્યક્રમમાં ઔરતોને આવવાની સખ્ત મનાઈ છે. અને ગુલશને મદિના સોસાયટી, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે બનેલી નવી મસ્જીદ 'મસ્જીદે ફરીદા' નો જશ્મે ઈફતિતાહ તા. ૫/૯/૨૦૨૩નેમંગળ વારના રોજ મગરીબની નમાઝ બાદ રાખેલ છે. તેમ પીર સૈયદ ગુલામ અલીબાપુ કાદરી ઉર્ષ કમીટી દ્વારા યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાવરકુંડલા દાનબાપુની જગ્યા ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરાશે





સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા ખાતે આવેલ સુપ્રસિધ્ધ દાનબાપુની જગ્યા ખાતે આગામી તારીખ ૦૭/૦૯ ગુરૂવારને જન્માષ્ટમીના દિવસે દરવર્ષેની જેમ આ વર્ષે પણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

આ તકે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ મહોત્સવ, નંદ ઘેર આનંદ ભયો, મહા આરતી, પંજરીનો પ્રસાદ તેમજ મોટી સંખ્યામાં શહેરના વિવિધ યુવાનોના ગૃપ દ્વારા મટકી ફોડ, ગોવિંદાનો કાર્યક્રમ યોજવામાં આવશે. મટકી ફોડમાં એકથી ત્રણ ગૃપનાં યુવાનોને રોકડ રકમનો પુરસ્કાર આપવામાં આવશે. સાવરકુંડલા દાનબાપુની જગ્યાનાં મહંત બાપલુબાપુ ખાચર, અલ્પેશ કારીયા, જીતુભાઈ ખાચર વગેરે દ્વારા ચાંપરાજબાપુની જગ્યા ઝીંઝુડા ગેઈટ ખાતે તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. જગ્યામાં જન્માષ્ટમીની ઉજવણી રાત્રે બાર વાગ્યે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ-બહેનો અને અગ્રણીઓ તેમજ સંતો-મહંતો ઉપસ્થિત રહે છે.

### સાવરકુંડલા ખાતે

## સતાધારનાં મહંત શ્રી જીવરાજબાપુની ચોથી પુણ્યતિથિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ યોજાયા



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા ખાતે સતાધારનાં દિવંગત સંત પૂજય શ્રી જીવરાજ બાપુની ચોથી પુણ્યતિથિ નિમિત્તે કાનજી બાપુ મિત્ર મંડળના કાર્યકરો દ્વારા દેવલા ગેટ વિસ્તારમાં આવેલી સંસ્થાની ઓફિસે રવિવારે રાત્રે ભગવાન શ્રી સત્યનારાયણદેવની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મોટી સંખ્યામાં સેવક સમુદાય ઉપસ્થિત રહ્યો હતો અને પ. પૂ. કાનજી બાપુની ચોથી પુણ્યતિથિ નિમિતે ભાવપૂર્વક કથાનું રસપાન કર્યુ હતું.

અમરેલી ખાતે અદ્યતન કલાસરૂમ, લાયબ્રેરી, લેબોરેટરી અને હોસ્ટેલ સુવિધા સાથેની એકમાત્ર સંસ્થા

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત

મણીબા ગજેરા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સીંગ - અમરેલી

એડમિશન ઓપન

A.N.M. G.N.M. B.Sc(N) P.B.B.Sc

પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે

Admission Helpline

02792 - 221811, 9924220811






એડ્રેસ : વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી.

Email : manibainstitute ofnursing@gmail.com

## અત્રિ અનસૂયા

### આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

'ઋગ્વેદ'નું આખુ પાંચમું મંડળ અત્રિવંશના નામથી જાણીતું છે, જેમાં ૮૭ સૂકતો છે. તેમાના મોટા ભાગના સૂત્રો 'આત્રેય' છે, એટલે કે અત્રિવંશના ઋષિઓના રચિત છે. એમાંના એક છે 'ભૌમિઅત્રિ'. જેમના નામ ઉપર ૨૭, ૩૭મી ૪૩, ૭૬, ૭૭ અને ૮૩ થી ૮૬ સૂકતો છે. કેટલાકના મતે ૭૨માં સૂકતના કર્તા પણ આવે આત્રેય છે.

અત્રિઋષિએ 'અત્રિ સંહિતા' રચી છે, જેમાં વર્ણાશ્રમના આચાર સમજાવતું ધર્મશાસ્ત્ર વર્ણવાયું છે. વળી 'અત્રિસ્મૃતિ' નામે પણ એક બીજી કૃતિ છે.

પૌરાણિક માન્યતા પ્રમાણે અત્રિ બ્રહ્માના માનસપુત્ર છે. ભલે આપણી પાસે એક પણ વૈદિક પ્રમાણ ન હોય, પરંતુ કે કા. શાસ્ત્રીના મત મુજબ ધુ, ગવિષ્ઠર, કુમાર, વૃશ, ઈષ, વ્યસુશ્રુત, ગય, સુતંભર, પુરુ, ધરુણ, પૂતર, દ્વિતમુકતવાહા, વક્ષિ, પ્રયસ્તંતિ, સસ, વિશ્વસામા, દ્યુમ્ન, વિર-નચર્ષણિ, ગૌપાધન, બંધુ, સુબંધુ, શ્રુતબંધુ, વિપ્રબંધુ, વસુયવ, બભ્રુ, અવસ્યુ, ગાતુ, મદાપૃણ, પ્રતિક્ષાત્ર, પ્રતિરથ, પ્રતિભાનુ, સ્વસ્તિ, પ્રતિપ્રજા, રયાવાશ્વ (જેઓ પર થી ૬૦ અને ૮૧-૮૨ સૂકતોના ગાતા છે),

શ્રુતવિદ, અર્ચનાના રાતહબ, યજત, ઉરુચક્રિ, બાહુવૃકત, અવસ્યુ, પૌર, સપ્તવિધિ, સત્યશ્રવા અને એવયામરુ એમ ૪૪ પુરૂષો અને વિશ્વવારા નામની સ્ત્રીએ બધા 'આત્રેયી' છે, એટલે કે તેઓ અત્રિકુળના છે.

એ બધાએ મળીને 'ઋગ્વેદ'ના પાંચમાં મંડળના મોટા ભાગના સૂકતો આપ્યા હોવાથી પ્રભાવિત થયેલા આપણે સન્માનીએ કે વૈદિક યુગનું આ નોંધપાત્ર કુળ છે. આમાંના કેટલાક મંત્રદ્રષ્ટા ઋષિઓ થયા, જેમાં અત્રિ, અર્દ્ધસ્વન, શ્યાવાશ્વ, ગવિષ્ઠિર, કર્ણક અને પૂર્વાતિથિ નોંધનીય છે. તે સર્વેએ અનેક ગુહ્ય મંત્રોના દ્રષ્ટા બનીને ભારતીય હિન્દુ શાસ્ત્રને સમૃધ્ધ બનાવ્યું.

અત્રિઋષિના ઉલ્લેખો 'અથર્વવેદ' (૨-૩૨-૩, ૪-૨૯-૩) 'મંત્રબ્રાહ્મણ' (૨-૭-૧), 'તૈત્તિરીય આરણ્યક' (૪-૩૬), 'બૃહદાયરણ્યક' (૨-૨-૪), 'ઋગ્વેદ' (૫-૩૯-૫, ૫-૬-૭-૫), 'કૌશિતકી બ્રાહ્મણ' (૨૪-૩) અને 'ઐતરેય આરણ્યક' (૨-૨-૧)માં થયા છે. વળી સમસ્ત અત્રિકુળનો પ્રિયમેઘા અને ગૌતમ કુળ સાથે ઘનિષ્ઠ સંબંધ હોવાનું 'ઋગ્વેદ' તથા 'ઐતરેય' આરણ્યકમાં જણાવ્યું છે.

કે. કા. શાસ્ત્રીના અનુમાન મુજબ 'ઋગ્વેદ' (૫-૫૨-૯)માં પુરુષ્ણી અને યમુના નદીઓના વિશાળ પ્રદેશમાં અત્રિકુલનો નિવાસ હશે. સમયાંતરે આ કુળ અત્રિ, ગવિષ્ઠિર, બહુતક, મુદ્‌ગર, અતિથિ વામરથ્ય, સુમંગલ, બીજવાય અને ધનંજય એમ નવ ગોત્રોમાં વિસ્તૃતિ પામ્યું.

આજેપણ અનેક બ્રાહ્મણ કુટુંબોને તેમના વંશજો ગણવામાં આવે છે. વળી અત્રિગોત્ર તો બ્રાહ્મણો ઉપરાંત ક્ષત્રિયો અને વૈશ્યોમાં પણ જોવા મળે છે.

ભારતની છેક દક્ષિણે કન્યાકુમારી પાસે શુચીન્દ્ર નામનું, પવિત્ર સ્થળ છે. ત્યાં અત્રિઋષિ પત્ની અનસૂયા સાથે રહેતા હતા. આજેપણ ત્યાં 'અત્રિનો આશ્રમ' છે અને તેની નજીકમાં' જ તેમના પુત્ર દત્તાત્રેયનું મંદિર પણ છે.

સતી અનસૂયા એટલે મહર્ષિ કર્દમ અને ભગવતી દેવહૂતિની કન્યા કપિલમુનિની બહેન. કહેવાય છે કે ગંગાનદીની મંદાકિની શાખા અનસૂયાના તપના પ્રભાવથી પ્રકટેલી છે.

કથાનક છે કે ભકિતપરાયણ અને તપોનિષ્ઠ દંપતીથી પ્રસન્ન દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે આવીને કહયું : ''માતા ! તમે દેવયજ્ઞ પરિપૂર્ણ કર્યો છે, કંકઈક માગો.'' દેવોને માન આપી અનસૂયાએ પ્રજોત્પત્તિને અનુલક્ષીને વરદાન માંગ્યુ કે 'તમે ત્રિદેવ મારા પુત્ર તરીકે જન્મો.' દેવોએ વાત કબૂલ રાખી અને બ્રહ્મા ચંદ્રસ્વરૂપે, વિષ્ણુ દત્તાત્રેયસ્વરૂપે અને મહેશ દુર્વાસાસ્વરૂપે અનસૂયાને આંગણે અવતર્યા. પ્રેમપૂર્વક ઉછરેલા તે બાળ કોનું વય વધતા ચંદ્રે ચંદ્રલોકમાં ગમન કર્યુ, દુર્વાસા તપસાધના કરવા હિમાલયના પંથે ગયા, દત્તાત્રેય માતાપિતા પાસે રહયા અને તેઓની સેવા કરી, સાથે સાધના કરી અને મહાયોગી તરીકે વિશ્વવંદ્ય બન્યા, શબ્દ અને સત્કાર્યના સ્વામી તરીકે આદરણીય બન્યા.

**ભારતના ઋષિઓ એટલે ભૂતકાળની પગદંડી પર વીસરાયેલા પદચિહ્નો અને ઋષિપત્નિઓ એટલે નામશેષ થવા આવેલા પુષ્પોનો હવામાં ફેલાયેલો પમરાટ, જેટલા મહાન ઋષિઓ, તેટલું જ મહત્વનું પ્રદાન છે ઋષિપત્નિઓનું, જે મધૂરું અને મૌનભર્યુ છે. અનસૂયા તેનું આદર્શ દ્રષ્ટાંત.**

કથા કહે છે રોગિષ્ઠ પતિ કૌશિકને સાજો કરવા ઠેરઠેર ફરતી પત્ની સુમતિના બેધ્યાનને કારણે પતિનો પગ માંડવ્યઋષિને વાગ્યો. ગુસ્સે થયેલા માંડવ્યે શાખ આપ્યો : ''સૂર્યોદય થતાં તારું મૃત્યુ થશે !'' ત્યારે ''સૂર્યોદય જ ન થજો !'' એવો સામો પડકાર ફેંકયો પતિવ્રતા સતી સ્ત્રી સુમતિએ ! જગત અંધકારમય બન્યું. પ્રાણીઓને જીવવું મુશ્કેલ બન્યું. દેવોને ચિંતા થઈ. દેવો અનસૂયા પાસે આવ્યા. અનસૂયાએ સુમતિને આશિષ આપતા કહયું : ''તારો પતિ જીવિત રહેશે.''

અનસૂયાના તપના પ્રભાવે સૂર્યોદય થયો. જગત પ્રકાશિત થયું. ઉર્જાના પુંજ સમી અનસૂયા પાસે વિપુલ પ્રમાણમાં સંકલ્પબળ હતુ. સર્વ સતીઓમાં શિરોમણી એવી અનસૂયાથી વિશેષ પ્રાણવાન અને સામર્થ્યવતી મહિલા મળવી મુશ્કેલ. **(ક્રમશઃ)**

## સ્થાપક ચેરમેન રશ્મિનભાઈ ડોડીઆની આગેવાનીમાં વડોદરા શહેરમાં

# બગસરા શરાફી મંડળીની આઠમી શાખાનો રૂપાલાનાં હસ્તે શુભારંભ

વિધાનસભાનાં મુખ્ય દંડક બાલકૃષ્ણભાઈ શુકલ સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિ

વડાપ્રધાન તથા સહકાર મંત્રી સહકારી પ્રવૃત્તિને મજબૂત કરી રહ્યો છે

સહકારી પ્રવૃત્તિનો લાભ છેવાડાનાં લોકો સુધી પહોંચે તે જરૂરી છે

બગસરા મંડળીની કામગીરીને આગેવાનો દ્વારા આવકાર અપાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૪

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની આઠમી શાખા વડોદરાનું દબદબાભેર શુભારંભ. ભારત સરકારના કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિધાનસભાના મુખ્ય દંડક બાલ કૃષ્ણભાઈ શુકલ તથા મંડળીના સ્થાપક ચેરમેન રશ્મિનભાઈ ડોડીયા આગેવાનોની હાજરીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. ભારત સરકારના સહકાર ક્ષેત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સહકાર મંત્રાલયના મંત્રી અમિતભાઈ શાહ જે રીતે સહકારી પ્રવૃત્તિને મજબૂત કરી રહ્યા છે અને આ પ્રયત્નથી રોજગારીની વિપુલ તકો ઊભી થઈ રહી છે અને ભારત સરકાર સહકારી ક્ષેત્રને જે રીતે આગળ ધપાવવામાં પ્રયાસો કરી રહી છે તેનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચી રહ્યો છે. તેવા આશયથી બગસરા મંડળી જે કામગીરી કરી રહી છે તેને અભિનંદન સાથે સમગ્ર રાજયભરમાં સહકારની પ્રવૃત્તિનો વ્યાપ બગસરા મંડળીનો વધે તેવી શુભકામના કેબિનેટ મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ પાઠવેલ. આ ઉદઘાટન સમારોહમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી નજીક આવેલ

## મોટા આંકડીયા ગામે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૫ પત્તાપ્રેમીઓ ઝડપાયા

### તાલુકા પોલીસે રૂા. ૩૦૯૮૦ની મત્તા કબ્જે લઈ કરી કાર્યવાહી



અમરેલી, તા. ૪

અમરેલી તાલુકાનાં મોટા આંકડીયા ગામે રહેતા શૈલેષભાઈ ચતુરભાઈ બાવીશી, ભરતભાઈ જયસુખભાઈ બાવીશી, હસમુખભાઈ ધીરૂભાઈ પ્રજાપતી, રામભાઈ વિક્રમભાઈ જલુ તથા જયસુખભાઈ ધીરૂભાઈ બાવીશી સહિત ૫ ઈસમો મોટા આંકડીયા ગામે આવેલ સીમ વિસ્તારમાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હોય. ત્યારે અમરેલી એલસીબીને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૩૦૯૮૦ની મતા સાથે તમામને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### અમરેલી જિલ્લાનાં

## પિપાવાવ મરીન પોલીસનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ



અમરેલી, તા. ૪

અમરેલીનાં પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં ગુનાઓ આચારી, પોતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના આઈ.પી.સી.

અનુસંધાન પાના ૬ ઉપર

### નાગેશ્રી પોલીસ સ્ટેશનનાં

## એભલવડ ગામે જાહેરમાં જુગાર રમતા દસ ઈસમોને ઝડપી પાડતી નાગેશ્રી પોલીસ



અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરા

અનુસંધાન પાના ૬ ઉપર

### આગામી જન્માષ્ટમી તહેવાર અંગે તકેદારીનાં ભાગરૂપે ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારનાં

## રાભડા ગામેથી હાથ બનાવટની દેશી જામગરી બંદુક સાથે એકને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.



અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા એ.ટી.એસ. ચાર્ટર મુજબનાં ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમોને તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી.દેસાઈ તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર કે.ડી.હડીયા તથા એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ તથા એ.ટી.એસ.ચાર્ટર લગત ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે રાભડા ગામથી વાંગર ગામ

અનુસંધાન પાના ૬ ઉપર





